હવે, ચશ્માની જરૂરીયાત નથી
ચશ્માના નંબર ઉતરાવો "અત્યાધુનિક લેસર સારવાર" દ્વારા
NATURAL VISION LASER CENTER PVT. LTD.
આરાધના સોસાયટી મેઇન રોડ, એરપોર્ટ પાસે, રાજકોટ.
96386 77733


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ– ૧૦ | પાના : ૧૦ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૧૮–૪–૨૦૨૪ – ગુરૂવાર | જામનગર

વર્ષ : ૦૭ અંક : ૧૫૨ | Phone : 0288-2558251/52 | R.N.I REGN No. GUJ GUJ/2018/76603 | તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ | jam.sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - JAMNAGAR

ડ્રાયફ્રુટ સુકી કચોરી
MGC™
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ
નાના મૌવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક
કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ



# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

## ગુજરાતની જેમ ઉતરપ્રદેશના રાજપૂત વર્ચસ્વવાળા ક્ષેત્રોમાં પણ ભાજપની ટિકીટમાં આ સમુદાયની હીસ્સેદારી ઘટી

# પશ્ચીમ ઉતરપ્રદેશ સુધી પહોંચયો રૂપાલા વિવાદ! અનેક બેઠકો પર અસર

### રાજપૂત વર્ચસ્વવાળી બેઠક પર અન્ય સમુદાયને ટિકીટઃ અગ્નિવીર યોજનાનો પણ વિરોધ

### સ્થાનિક સ્તરે રાજપૂતને બદલે ગુર્જરને વધુ મહત્વ અપાતા અસંતોષ તો હતો જ હવે રાજકોટ બેઠક પરના ભાજપના ઉમેદવારે કરેલા વિધાનો પણ અહી પરંપરાગત ભાજપના ટેકેદાર રાજપૂત સમુદાયમાં નારાજગી

### રાજપૂત અને ગુર્જર સમુદાયના ભાજપના જ બે નેતા સામસામાઃ યોગીએ દરમ્યાનગીરી કરવી પડી

રાજકોટ: ગુજરાતમાં હોટટોપીક બની રહેલી રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષેત્રીય સમાજ અંગે કરેલા વિધાનોનો પડઘો ફકત ગુજરાત જ નહી દેશભરમાં પડી રહ્યા છે અને તેથી જ હવે રૂપાલા પર તેમની ઉમેદવારી પાછી ખેચવા માટે દબાણ આવ્યુ હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને ભાજપ મોવડીમંડળને પાડોશી રાજસ્થાનની એક ઉતરપ્રદેશ-રાજપૂત સમાજ દ્વારા ભાજપના બહિષ્કારનો પવન ચાલુ થયો છે તેની અસર વધુ ચિંતા કરાવે છે. પશ્ચીમ રાજસ્થાનથી લઈને પશ્ચીમ ઉતરપ્રદેશમાં મતોનું ગણીત યોગ્ય કરવા ભાજપે જાટ અને ગુર્જર સમુદાયને સાથે રાખવા અનેક રાજકીય નિર્ણયો લીધા છે જેમાં રાષ્ટ્રીય લોકદળને એનડીએમાં જોડવા માટે ચૌધરી ચરણસિંઘને ભારતરત્ન આપવા સહિતના નિર્ણયો લીધા પણ રૂપાલા વિવાદ પક્ષને અહી પણ પરેશાન કરી રહ્યા છે. રાજપૂતોએ જે રીતે ભાજપ સામે બળવાની સ્થિતિ બનાવી છે તે ગુજરાતમાં અને અન્ય રાજયોમાં વિપક્ષને પણ અચાનક જ ચૂંટણીમાં મદદ કરી રહી છે અને ખાસ કરીને પશ્ચીમ ઉતરપ્રદેશમાં ભાજપના બે અગ્રણી સંગીત સોમ અને સંજીવ બલીયાન વચ્ચે આ ફોલ્ટલાઈન મુદે જબરી કડવાશની સ્થિતિ સર્જે છે. આ ક્ષેત્રમાં મુસ્લીમ અને શેડયુલ કાસ્ટ બાદ રાજપૂત એ સૌથી મોટો સમુદાય છે અને તે ગૌતમ બુદ્ધનગર, ગાઝીયાબાદ, સરહાનપુર, મીરત કૈરાના, મુજજફરનગર, બાગપત, બિજનોર, નગીના, અમરોહા, મોરદાબાદ, સંભલ, અલીગઢ, હાથરસ, મથુરા, આગ્રા અને ફતેહપુર સિક્રી બેઠકોમાં રાજપૂત મતદારોની સંખ્યા ૧૦% કે તેથી વધુ છે. રાજપૂતો દશકાઓથી ભાજપને વફાદાર રહ્યા છે પણ ટિકીટમાં આ સમુદાયનો હીસ્સો સતત ઘટી રહ્યા છે અને પશ્ચીમ ઉતરપ્રદેશમાં ફકત એક જ ટિકીટ અપાઈ છે. જેની સામે ગાઝીયાબાદમાં જનલ વી.કે.સિંઘને પડતા મુકાયા છે જે પરંપરાગત રાજપૂત બેઠક છે તથા એક બનીયા (વાણીયા) સમુદાયના એ.કે.ગર્ગને ટિકીટ આપી છે.

**૧૦% રાજપૂત મતદારો ધરાવતી કઈ કઈ બેઠક પર અસર!**

ગૌતમબુદ્ધનગર, ગાઝીયાબાદ, સરહાનપુર, મીરત, કૈરાના, મુજજફરનગર, બાગપત, બિજનોર, નગીના, અમરોહા, મુરાદાબાદ, સંબલ, અલીગઢ, હાથરસ, મથુરા, આગ્રા, ફતેહપુર સિક્રી

હવે આ ક્ષેત્રમાં ભાજપના જ સંગીત સોમ જે રાજપૂત સમુદાયના છે અને સંજીવ બલીયાન જે જાટ સમુદાયના છે તેઓ સામસામા આવી ગયા છે અને ભાજપ મોવડીમંડળને તેની નોંધ લેવી પડી છે અને નેતાઓને હાલમાં જ ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથ એ બોલાવીને એક બીજા સામે નિવેદન નહી કરવા સલાહ આપી હતી. સંજીવ બલીયાન સામે જાટ સમુદાયને ખુશ કરવા રાજપૂતને નજરઅંદાજ કરવાની ફરિયાદ છે. તેઓને રાજપૂત ક્ષેત્રમાં પ્રવેશબંધી જેવી સ્થિતિ છે અને એક સ્થળે તેના કાફલા પર પત્થરમારો પણ થયો હતો અને તેના માટે તેઓએ સંગીત સોમના ટેકેદારો પર આરોપ મુકયો હતો તો સંગીત સોમ વળતો જાતિવાદનો આરોપ મુકે છે.

મુજજફરનગરમાં રાજપૂત-જાટ આજે સમાન મતદારો ધરાવે છે અને જો રાજદૂતો અહી ભાજપનો બહિષ્કાર કરે તો આ બેઠક ગુમાવવી પડે તેમ છે. આ સમુદાય આકરા મૂડમાં છે અને ભાજપ તેને આ રીતે નોમીનેશન મીટાવી દે તે સ્વીકારતા નથી.

ખાસ કરીને જનરલ વી.કે.સિંઘની ટિકીટ કાપી કાલે બીજાની કાપશે તેવો ભય છે અને હવે રૂપાલા વિધાનોએ અહી પણ બળતામાં ઘી હોમ્યુ છે. આજ રીતે ગૌતમબુદ્ધનગરમાં જયા સૌથી વધુ રાજપૂત મતદારો છે. અહી ભાજપના જ નેતા અને પુર્વ મંત્રી મહેશ શર્માએ સમ્રાટ મિહિરનું ભોજનું મ્યુઝીયમના પ્રારંભ સમયે તેને ગુર્જર ગણાવ્યા જયારે તેમાં રાજપૂત હતા. જો કે રાજપૂતને શાંત કરવા રાજનાથસિંઘ અને યોગી આદીત્યનાથે રેલી યોજી હતી અને હજુ યોગી અહી રાજપૂત ક્ષેત્રમાં વધુ રેલી યોજી રહ્યા છે.

અહી રાજપૂતના ૧૪૪ ગામોમાં 'સોલ્જર ફેકટરી' તરીકે ઓળખાય છે જયાંથી સૈન્ય અને અર્ધલશ્કરી દળોમાં સૌથી વધુ જવાનો ભરતી થાય છે જે ભાજપના મતદારો છે પણ તેઓ અગ્નિપથ યોજનાનો વિરોધ કરી રહ્યા છે અને અહી સૈન્ય ભરતીમાં ઘટાડો થયો છે જે મતો ભાજપ વિરોધ જઈ શકે છે અને રાજપૂત સમુદાય હવે વળતી લડાઈ આપવા તૈયાર છે.

## ક્ષત્રિય સમુદાયના વિરોધ બાદ ગઈકાલ સાંજથી શરૂ થયેલી અફવાઓ પર પૂર્ણવિરામ મુકાયુ

# હું રાજકોટથી જ ચુંટણી લડીશઃ અફવા નકારતા પરસોતમ રૂપાલા

### 'સાંજ સમાચાર' સાથેની ખાસ વાતચીતમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના ઉમેદવારે કહ્યું ઉમેદવારી પાછી ખેંચવાની કોઈ વાત જ નથી



### આજે અમરેલીમાં ભાજપના ઉમેદવારના નોમીનેશનમાં હાજરી આપ્યા બાદ સાંજથી ફરી રાજકોટ મતક્ષેત્રમાં પ્રચાર કાર્ય શરૂ કરી દેશેઃ વિજયનો વિશ્વાસ

રાજકોટ તા.૧૮

ગુજરાતમાં હોટટોપીક બની ગયેલી રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધના પગલે સર્જાયેલા રાજકીય તોફાનમાં હવે શ્રી રૂપાલાએ તેમની ઉમેદવારી પાછી ખેંચવા મોવડીમંડળ પાસે મંજુરી માંગી છે તેવા ગઈકાલ સાંજથી પ્રસરી રહેલા અહેવાલ બાદ આજે શ્રી પરસોતમ રૂપાલાએ આ પ્રકારના અહેવાલ અફવા હોવાનું સ્પષ્ટપણે જણાવ્યું હતું અને તેઓ રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી જ રહ્યા છે તેવું જણાવ્યું હતું. શ્રી રૂપાલાની ટિકીટ રદ કરવાની અથવા તો તેઓ ખુદ ઉમેદવારી પાછી ખેંચે તેવી ક્ષત્રિય સમાજની માંગણી અને છેલ્લા કેટલાક દિવસથી આ અંગે ચાલી રહેલા આંદોલન બાદ એક અંગ્રેજી અહેવાલ સહિત સોશ્યલ મીડીયામાં એવા અહેવાલ ગઈકાલથી શરૂ થયા હતા કે રૂપાલાએ ખુદે ફોર્મ પાછુ ખેંચવા મોવડીમંડળ પાસે મંજુરી માંગી છે અને હવે ભાજપ પાર્લીયામેન્ટ્રી બોર્ડ તેના પર નિર્ણય કરશે. આ અંગે 'સાંજ સમાચાર' સાથેની એક ખાસ વાતચીતમાં શ્રી પરસોતમભાઈ રૂપાલાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ પ્રકારની અફવા ગઈકાલ સાંજથી ફેલાવવામાં આવી રહી છે પરંતુ મે ફોર્મ પાછુ ખેંચવા કોઈ મંજુરી મોવડીમંડળ પાસે માંગી નથી અને હું રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચુંટણી લડી રહ્યો છું તે નિશ્ચિત છે. શ્રી રૂપાલાની આ સ્પષ્ટતાથી તમામ અટકળો અને અફવાઓનો અંત આવે છે. આજે શ્રી રૂપાલા અમરેલીમાં ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના નોમીનેશન પુર્વેના રોડ-શોમાં હાજરી આપવા પહોંચ્યા છે અને સાંજે જ તેઓ રાજકોટ પરત આવીને ફરી એક વખત તેમનો પ્રચારકાર્ય રાજકોટ સંસદીય મતક્ષેત્રમાં શરૂ કરી દેશે. શ્રી રૂપાલાએ અગાઉ જ તેમના આ વિધાનો અંગે બે વખત માફી માંગી છે અને હાલમાં જ ઉમેદવારી પુર્વેની સભામાં તેઓએ ફરી એક વખત ક્ષત્રિય સમાજને રાષ્ટ્રનિર્માણ માટેના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યમાં જોડાઈ જવા અપીલ કરી હતી અને હવે આજે જ તેઓએ ફરી એક વખત રાજકોટ લોકસભા બેઠક પર ચુંટણી લડવા મકકમ હોવાનું સ્પષ્ટ કરી દીધુ છે.

# રૂપાલા વિવાદના લબકારાઃ ઈડરમાં ભાજપના કાર્યક્રમમાં ખુરશીઓ ઉછળી; કાળા વાવટા ફરકયા

### ક્ષત્રિય સમાજના યુવાનો વિફર્યાઃ સુત્રોચ્ચારો-નારેબાજી સાથે વિરોધ

વડાલી, તા.૧૮

ઇડરના દામોદર એરિયામાં બુધવારે લોકસભાની ચૂંટણી અનુલક્ષીને ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન ઉમેદવાર અને સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં કાર્યક્રમ દરમિયાન ખુરશીઓ ઉછળી હતી. જ્યારે કેટલાક નારાજ ક્ષત્રિય યુવાનો દ્વારા કાળા વાવટા સાથે વિરોધ પ્રદર્શિત કરી સુત્રોચ્ચાર કર્યા હતા.

સાબરકાંઠા-અરવલ્લી લોકસભાની ચૂંટણી અંતર્ગત ભાજપના ઉમેદવાર શોભનાબેન બારૈયાએ મંગળવારે ઉમેદવારી પત્ર ભર્યા બાદ સાબરકાંઠામાં તાલુકા મથકે ચૂંટણી કાર્યાલય શરુ કરવાનો કાર્યક્રમ તૈયાર કર્યો હતો. જેના ભાગરૂપે ઇડરના દામોદર વિસ્તારમાં સવારે ૧૧ વાગ્યે લોકસભાના ઉમેદવાર શોભનાબેન બારૈયા અને ઇડર-વડાલી ધારાસભ્ય રમણલાલ વોરા, જિલ્લા ભાજપના પ્રમુખ કનુભાઇ પટેલની ઉપસ્થિતિમાં ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરાયું હતું. ત્યારે તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઇ પટેલ, ચંદુભાઇ પટેલ, રાજુભાઇ પટેલ, પ્રેમલભાઇ દેસાઇ, અશ્વિન પટેલ તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. દરમ્યાન ક્ષત્રિય યુવાનો દ્વારા રૂપાલાના વાણી વિલાસને લઇ કાળા વાવટા સાથે કાર્યાલય આગળ વિરોધ પ્રદર્શિત કરીને રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર સાથે ઉગ્ર વિરોધ દર્શાવતાં દોડધામ મચી હતી.

ઉલ્લેખનીય છે કે, ભાજપ દ્વારા અગાઉ સાબરકાંઠા બેઠક માટે ભીખાજી ઠાકોરને ટિકિટ અપાઇ હતી. પરંતુ તેમની ટિકિટ રદ કરીને શોભનાબેન બારૈયાને ટિકિટ આપવામાં આવતાં વિરોધનો વંટોળ સર્જાયો હતો અને શોભનાબેનની ટીકીટ રદ કરવાની ભાજપના કાર્યકરો દ્વારા ઉગ્ર માંગ કરીને દેખાવો કરાતા હતા. પરંતુ મોવડી મંડળ દ્વારા શોભનાબેનને જાળવી રાખવામાં આવ્યા છે. આ દરમિયાન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રુપાલાએ ક્ષત્રિય સમાજની મહિલાઓ અંગે ટિપ્પણી કરતાં સમાજમાં રોષ વ્યાપ્યો છે. તેનો ઠેર-ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. છતાં ભાજપે રુપાલાની ટિકિટ જાળવી રાખતાં સોમવારે ઉમેદવારી ફોર્મ પણ ભરી દીધું છે. જેને લઇને પણ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે બુધવારે સાબરકાંઠાના ઇડરમાં ભાજપ દ્વારા ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તે વખતે ક્ષત્રિય સમાજના કેટલાક યુવાનોએ ઉગ્ર વિરોધ નોંધાવતાં દોડધામ મચી ગઇ હતી.

# રૂપાલા વિવાદઃ ક્ષત્રિય સમાજની કાલે બેઠક

### કાલે બપોરે ચિત્ર સ્પષ્ટ થઈ ગયા બાદ સંકલન સમિતિ અમદાવાદમાં મીટીંગ કરશેઃ આંદોલનની ભાવિ રણનીતિ ઘડશે

રાજકોટ તા.૧૮

રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટિકીટ રદ કરવાની માંગ સાથે અડગ રહેલા ક્ષત્રિય સમાજે આંદોલનના નવા તબકકાની રણનીતિ તૈયાર કરવા આવતીકાલે અમદાવાદમાં બેઠક બોલાવી છે. રૂપાલા વિવાદમાં હવે ૨૪ કલાક નિર્ણાયક સાબીત થવાનું માનવામાં આવી રહ્યું છે.

ક્ષત્રિય સમાજની સંકલન સમીતીના કન્વીનર રમજુભા જાડેજાએ આજે 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આવતીકાલે બપોર બાદ સમાજની સંકલન સમીતીની બેઠક યોજાશે અને તેમાં આંદોલનની ભાવિ રણનીતિ ઘડાશે.

ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ વિધાનો સામે રૂપાલાની ટિકીટ રદ કરવાની માંગ કરવામાં આવી રહી છે અને તેમાં પીછેહઠનો કોઈ સવાલ નથી. એમ માનવામાં આવી રહ્યું છે કે કાલે બપોરે ત્રણ વાગ્યા સુધીમાં રૂપાલા વિશેનુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે અને તેના આધારે ક્ષત્રિય સમાજ નવી રણનીતિ નકકી કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણીમાં આવતીકાલે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે અને ૩ વાગ્યે સમય પૂર્ણ થતા સુધીમાં પાર્ટીનો મેન્ડેટ પહોંચાડવાનો હોય છે. ભાજપ દ્વારા રૂપાલાના નામનો મેન્ડેટ આપી દેવામાં આવશે એટલે તેમની ઉમેદવારી સ્પષ્ટ થઈ જશે અને અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ જશે. આ સંજોગોમાં ચિત્ર સ્પષ્ટ થવા સાથે ક્ષત્રિય સમાજ રણનીતિ ઘડશે.

રૂપાલાની ટિકીટ રદ ન થાય તો ભાજપનો બહિષ્કાર કરવા, ચુંટણીમાં ભાજપની વિરૂદ્ધમાં મતદાન કરવા, માત્ર ગુજરાત જ નહીં, ક્ષત્રિયોની વસતી ધરાવતા મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ સહિત ૨૨ રાજયોમાં આંદોલન વિસ્તારવા સહિતની ચેતવણી આપવામાં આવી છે.

# બનાસકાંઠાની અમીરગઢ ચેકપોસ્ટ પરથી ૧.૦૭ કરોડના ડ્રગ્સ સાથે જામનગરના ત્રણ શખ્સ ઝડપાયા

અમીરગઢ :

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ ચેકપોસ્ટ પર અમીરગઢ પોલીસ ચૂંટણીને ધ્યાને રાખી કોઈ ગેરકાયદે હેરાફેરી ન થાય તે માટે વાહન ચેકિંગ કરતી હતી. તે દરમિયાન એક ક્રેટા ગાડીમાંથી ૧.૦૭ કરોડથી વધુનું મેથામ્ફેટામાઈન ડ્રગ્સ ઝડપી પાડયું હતું. પોલીસે કુલ ૧.૧૬ કરોડનો મુદ્દામાલ કબજે લઈ ત્રણની અટકાયત કરી છે. ખુલાસો થયો છે આ ત્રણેય વ્યક્તિ જામનગરના વતની છે.

બનાસકાંઠા જિલ્લાની અતિ સંવેદનશીલ ગણાતી પોલીસ ચેકપોસ્ટ પરથી મેથએમ્ફેટામાઇન નામનું ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં અમીરગઢ પોલીસ રાજસ્થાનથી આવતા તમામ વાહનોનું રૂટિંગ ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન રાજસ્થાન તરફથી એક સફેદ ક્રેટા ગાડી આવતાં પોલીસને તે શંકાસ્પદ લગતા ગાડી સાઈડમાં કરાવી તેની તપાસ કરતાં જ પોલીસને ૧.૭૨ કિલો જેટલું મેથએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ મળી આવ્યું હતું. આમ, પોલીસે ૧.૦૭ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડયું હતું જયારે કાર મળી કુલ ૧,૧૬,૪૯,૪૦૦ના મુદ્દામાલ સાથેજેથી પોલીસે ગાડીમાં સવાર ત્રણેયને પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જેમાં ઈસરાક આરીફભાઈ બલોચ (રહે. ૬૫ અમન સોસાયટી, કાલાવડ ગેટ, શાહ પેટ્રોલપંપની સામે, જામનગર), સોહેલ ઓસમાણ સિંધી (નદીપા રોડ, ત્રણ દરવાજા જામનગર) અને અસલમ અબ્દુલ સત્તારભાઈ દરજાદા (રહે. હોઝા ગેટ, સિલ્વર સોસાયટી, ૫૦-શિશુ વિહારવાળી શેરી, લીમડા લાઈન, જામનગર) ત્રણેયને ઝડપી પાડી અમીરગઢ પોલીસે તેમની વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબટેન્સિસ એકટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### ખર્ચ ઘટાડવા ગુગલનું પગલું

# ગુગલમાં ફરી છટણીની તલવારઃ અસરગ્રસ્ત કર્મીઓને ભારત સહિતના દેશોમાં મોકલાશે

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૮



હલ મોટી મોટી આઈટી કંપનીઓ મંદીનો સામનો કરી રહી છે. ખર્ચમાં ઘટાડો કરવા આ કંપનીઓ કર્મચારીઓની સંખ્યા ઘટાડી રહી છે, દરમિયાન એવી ખબર આવી છે કે આલ્ફાબેટની માલિકીવાળી ગુગલ ફરી એકવાર પોતાના કર્મચારીઓની છટણી કરનાર છે. કંપનીના એક પ્રવકતાએ જણાવ્યું હતું કે ખર્ચમાં ઘટાડો કરવા કંપનીમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે છટણી પુરી કંપનીમાંથી નથી કરવામાં આવી રહી, એટલે કર્મચારી અન્ય કોઈ ભૂમિકા માટે આવેદન કરી શકે છે.

છટણી થયેલ કેટલાક લોકોને કંપની ભારત, શિકાગો, એટલાંટા અને ડબલીન સહિત એ જગ્યાએ મોકલશે, જયાં તે રોકાણ કરી રહી છે.

છટણી પ્રભાવિતોમાં ગુગલ ટ્રેઝરી, બિઝનેસ, સર્વિસીઝ અને રેવન્યુ કેશ ઓપરેશન્સ સામેલ છે. રિયલ એસ્ટેટ અને નાણા વિભાગની ટીમનાં કર્મચારીઓ છટણીમાં આવી ગયા છે.

# સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં 'જય શ્રીરામ'ના ગગનભેદી નાદ સાથે રામનવમી પર્વની ઉજવણી

### રાજકોટ સહિત વિવિધ શહેરોમાં ધર્મયાત્રા તથા પૂજન-અર્ચન સહિતના અનુષ્ઠાનો યોજાયા : વેરાવળ, રાજુલા, જાફરાબાદ, કોડીનાર, ભાવનગર, જામખંભાળીયા, જેતપુર, જસદણ, જુનાગઢ, બાબરા, સાવરકુંડલા, વિસાવદર, ઉના, પ્રભાસપાટણ, ઉપલેટા સહિતના શહેરો-ગામોમાં રામનવમીની હૈયાના હેત સાથે ઉજવણી

રાજકોટ, તા. ૧૮

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં રામનવમી પર્વની અનેરા ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઠેર ઠેર શોભાયાત્ર, પૂજન, અર્ચન, મહાપ્રસાદ સહિતના આયોજનો કરાયા હતા.

રાજકોટમાં વિહિપ-રાધેશ્યામ ગૌશાળાના ઉપક્રમે શોભાયાત્રા યોજાઇ હતી એ સિવાય અન્ય ચાર સંસ્થાઓ દ્વારા શોભાયાત્રા યોજવામાં આવેલ. ઈસ્કોન મંદિરે રામ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.



ખંભાળીયા



જસદણ

**જામખંભાળીયા**

ખંભાળિયામાં મહાદેવ વાડા ખાતે આવેલા પૂજ્ય પ્રેમભિક્ષુજી મહારાજ પ્રેરિત સંકીર્તન મંદિર ખાતે ગઈકાલે બુધવારે રામનવમીના પવિત્ર દિવસે રાજકોટના જાણીતા તબીબ ડોકટર નીતિનભાઈ લાલ (મનન હોસ્પિટલ વાળા) દ્વારા રામ-સિતાની જુદી જુદી બે વિશાળ એક્રેલિક અને લાઈટિંગ વાળી કિંમતી છબી (પ્રતિકૃતિ) અર્પણ કરવામાં આવી હતી. અહીંના સેવાભાવી યુવાન હેમલ લાલના હસ્તે આજરોજ મહાદેવ વાડામાં સંકીર્તન મંદિર ખાતે શાસ્ત્રોક્ત વિધિ વચ્ચે રામ-લલ્લાની આ સુંદર અને આકર્ષક છબીઓ પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

**ભાવનગર**

ભાવનગરમાં મહાત્મા ગાંધી રક્તપીત કોલોનીના અંતેવાસી ૧૮૫ ભાઈઓ-બહેનો-બાળકોને રામનવમી નિમિત્તે બુધવાર - તા. ૧૭.૪ના રોજ બપોરે પુરી, શાક, ગુંદી-ગાંઠીયાનું જમણ આપવામાં આવ્યું હતું. રાધા કૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગરનાં પ્રમુખ રીનાબેન ગોસ્વામી અને સંસ્થાના અન્ય કાર્યકરોએ સેવા આપી હતી.

**જસદણ**

રામનવમી નિમિત્તે વિંછીયા રામજી મંદિર ખાતે મહાઆરતીનું આયોજન કરી તેમજ રામજી મંદિરે ભગવાન શ્રીરામને ૫૬ ભોગ પ્રસાદ ચડાવી રામનવમીની ઉજવણી કરવામાં આવી. આ તકે વિંછીયા ગામના અનેક ધર્મપ્રેમી ભાઈઓ બહેનો હાજર રહ્યા તકે રાજ ગ્રુપ સર્વ જ્ઞાતિ સેવા શક્તિ ટ્રસ્ટ વિંછીયા દ્વારા ભગવાન શ્રીરામને ૫૬ ભોગ નું પ્રસાદ ધરવામાં આવ્યો તેમજ રામજી મંદિરના મહંતનું શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યું હતુ. આ તકે રાજ ગ્રુપના સ્થાપક મુકેશભાઈ રાજપરા, પ્રકાશભાઈ રામાનુજ વગેરે આગેવાનો હાજર રહ્યા હતા.

# ભગવાન દ્વારકાધીશે શ્રી રામના સ્વરૂપ ધારણ કર્યા : વિશિષ્ટ દર્શન

જામખંભાળીયા, તા. ૧૮

દ્વારકાના સુપ્રસિદ્ધ શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે ગઈકાલે બુધવારે રામનવમીના પાવન પર્વે કાળિયા ઠાકોરને રામ લલ્લાના સ્વરૂપના દર્શન યોજવામાં આવ્યા હતા.



મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જન્મોત્સવ પર્વ નિમિત્તે દ્વારકા ખાતે બિરાજમાન ભગવાન દ્વારકાધીશને ગઈકાલે શ્રીરામ સ્વરૂપમાં શણગારવામાં આવ્યા હતા. દ્વારકાના જગત મંદિર ખાતે રામનવમી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે, ત્યારે શ્રીજીને સિલ્કના પીતાંબર અને મુગટ ધારણ કરાવી અને ભગવાન શ્રીરામ સ્વરૂપે દર્શન ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કાળીયા ઠાકોરને શંખ, ચક્ર, ગદા, પદ્મ સાથે ધનુષ્ય બાણના સ્વરૂપમાં જોતા ભાવિકોએ જાણે ભગવાન શ્રીરામના સાક્ષાત દર્શન કર્યા હોય તેમ ભાવવિભોર થયા હતા. આમ, રામનવમી ઉત્સવ પ્રસંગે દ્વારકાધીશ મંદિર ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના સ્વરૂપ-શૃંગારના મનમોહક દર્શન સાથે આ ઉત્સવ આરતીનો લાભ લેવા પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા.

તમામ પ્રભુ શ્રીરામની પંજરીની પ્રસાદી ધરાવી અને આ પ્રસાદનું ભક્તોને વિતરણ કરવામાં આવ્યું હતું. (તસ્વીર : કુંજન રાડીયા)

# ભગવો છવાયોઃ જામનગરમાં ૪૩ મી રામસવારીમાં જોડાયો જનસમુદાય

## હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સતત ૪૩ માં વર્ષે રામનવમીની નિકળી શોભાયાત્રાઃ ધાર્મિક ફ્લોટ્સ સાથે વિવિધ મંડળો થયા સામેલઃ શોભાયાત્રાનું અનેક સ્થળોએ કરાયું સ્વાગત



















### રંગતાલી ગ્રુપ દ્વારા અયોધ્યાના શ્રીરામ મંદિરનો ફ્લોટ




જામનગરની સંસ્થા રંગતાળી ગ્રૂપ અને સહિયર ગ્રુપ દ્વારા અયોધ્યા સ્થિત ભગવાન શ્રી રામ મંદિરની પ્રતિકૃતિ સાથેનો ફલોટ તૈયાર કરવામાં આવ્યો હતો, અને વિશાળ કદ નું રામ મંદિર ભાવિકોના દર્શનાર્થે મુકાયું હતું, જે રામ મંદિર સાથે અનેક રામભક્તોએ સેલ્ફી પડાવી હતી, તો કેટલાક રામભક્તોએ મંદિરના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

### મહાકાય બજરંગબલી અને મંકીમેન બન્યા લોકોનું આકર્ષણ





તસવીર : હિતેષ મકવાણા

જામનગરમાં યોજાયેલી ૪૩મી રામસવારીમાં નવા આકર્ષણના ભાગરૂપે રાજા મેલડી ગ્રુપ દ્વારા મોટા કદના બજરંગ બલીને ઉતારવામાં આવ્યા હતા, જે બજરંગબલીની હરકતો નિહાળીને નગરના અનેક બાળકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. જે હનુમાનજીની સાથે અનેક ભાવિકોએ સેલ્ફી પડાવી હતી. આ ઉપરાંત ભાવનગર ના કલાકાર કે જેઓ મંકી મેનની ભૂમિકામાં જોડાયા હતા, તેઓની એન્ટ્રી ખૂબ જ બાળકો માટે આનંદ પમાડે તેવી રહી હતી. જેના હેરત ભર્યા પ્રયોગો તેમજ રમૂજ નિહાળીને અનેક રામભક્તો અચંબામાં પડી ગયા હતા, અને હાસ્ય પણ જોવા મળ્યું હતું.





જામનગર તા.૧૮

છોટીકાશીનું બીરૂદ પામેલા જામનગર શહેરમાં હિન્દુ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટના નેજા હેઠળ રામનવમીના પવિત્ર તહેવાર નિમિત્તે ઐતિહાસિક જનમેદનીની વચ્ચે ભવ્યાતિભવ્ય રામ સવારી નિકળી હતી, અને શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. જે તળાવની પાળ પર આવેલા સુપ્રસિધ્ધ બાલા હનુમાનજી મંદિરેથી પ્રારંભ થઈ હવાઈ ચોક, સેતાવાડ, સેન્ટ્રલ બેંક રોડ, માંડવી ટાવર, બર્ધન ચોક, દરબાર ગઢ, ચાંદી બજાર, દિપક ટોકીઝ, રણજીત રોડ, બેડી ગેઈટ થઈ અને પંચેશ્વર ટાવર પાસે આવેલા ભગવાન શ્રી રામચંદ્રજીના મંદિરે રાત્રીના ૧.૦૦ વાગ્યે પૂર્ણ થઈ હતી. સમગ્ર શોભાયાત્રાના માર્ગ પર હજારોની સંખ્યામાં રામભક્તોએ ભગવાનશ્રી રામ લક્ષ્મણ જાનકીજીની પાલખીના દર્શન કરવા માટે ભારે ભીડ જમાવી હતી. શોભાયાત્રા દરમ્યાન વિવિધ સંસ્થાઓ દ્વારા ૨૬ જેટલા સુંદર અને આકર્ષક ફ્લોટ્સ તૈયાર કરાયા હતા. ઉપરાંત રામ ભકતો દ્વારા વિવિધ અંગ કસરતના દાવ અને હેરતભર્યા પ્રયોગો સાથે રામધૂનના નારા ગજવતાં સમગ્ર શહેર રામમય બન્યું હતું.

જામનગર શહેરમાં પરંપરાગત રીતે મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટ અને હિન્દુ ઉત્સવ સમિતિના નેજા હેઠળ તેતાલીસમી રામસવારીનું આયોજન હાથ ધરાયું હતું. ગઈકાલે રામનવમીના પવિત્ર તહેવારને અનુલક્ષીને ભવ્ય રામ સવારી યોજાઈ હતી. સુપ્રસિધ્ધ બાલા હનુમાનજીના મંદિરેથી રામ સવારીનો પ્રારંભ થયો હતો. જેમાં બાલા હનુમાન મંદિરના પુજારી ઉપરાંત મંદિરના ટ્રસ્ટીગણના વિનુભાઈ તન્ના વિગેરેએ પાલખીનું સ્વાગત અને પૂજન કર્યું હતું.

આ વેળાએ હિન્દુ ઉત્સવ સમિતિના કાર્યકારી અધ્યક્ષ ધીરૂભાઈ કનખરા, જામનગર શહેરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તેમજ રીવાબા જાડેજા, ખંભાળિયા વિસ્તારના પૂર્વ કોંગી ધારાસભય વિક્રમભાઈ માડમ, જામનગર લોકસભા વિસ્તારના કોંગી ઉમેદવાર જે.પી. મારવીયા ભાજપના શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, મહામંત્રી પ્રકાશભાઈ બાંભણિયા, વિજયસિંહ જેઠવા, મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, સ્ટે. ચેરમેન નિલેશભાઈ કગથરા, જામનગર મહાનગરપાલિકાના દંડક કેતનભાઈ નાખવા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન મનિષભાઈ કનખરા, પૂર્વ મેયર પ્રતિભાબેન કનખરા, વિરોધ પક્ષના નેતા ધવલ નંદા, શહેર કોંગી પ્રમુખ દિગુભા જાડેજા, મહામંત્રી ભરત વાળા, તથા કોંગ્રેસ પાર્ટીના અન્ય હોદ્દેદારો વગેરે હાજર રહ્યા હતા, અને પ્રસ્થાન કરાવ્યું હતું તેમજ શોભાયાત્રાના માર્ગ પર શ્રી રામ - લક્ષ્મણ - જાનકીની પાલખીનું પૂજન કર્યુ હતું.

આ વર્ષે રામસવારીમાં મહાદેવહર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટ દ્વારા ભગવાન શ્રી રામ - લક્ષ્મણ - જાનકીની મુખ્ય પાલખી વન્ય કુટિર સાથેનો લીલા રંગથી સુશોભીત એવા અત્યંત આકર્ષક ફલોટ્સ તૈયાર કરવામાં આવ્યો હતો, અને સમગ્ર ફલોટ્સને લીલા વસ્ત્રો થી તેમજ ફૂલ ઝાડ સાથે અને ભવ્ય લાઈટીંગ સહિત સુશોભન સાથેનો આકર્ષક રથ તૈયાર કરવામાં આવ્યો હતો. સાથો સાથ ડીજે સીસ્ટમ - પ્રસાદ વિતરણ સહિતના અલગ અલગ ફલોટસ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત,શિવ સેના, તાડીયા હનુમાન મિત્ર મંડળ, ઓમ યુવક મંડળ, સતવારા સમાજ (કાલાવડ નાકા બહાર), રંગતાલી ગ્રુપ અને સહિયર ગ્રુપ, મહા સેના, હિન્દુ સેના, પ્રણામી યુવક મંડળ, ઓમ યુવક મંડળ, ડી. જે.સી.વાય. ગ્રૂપ, નાગેશ્વર મિત્ર મંડળ, વિરાટ બજરંગ દળ, રાજા મેલડી ગ્રુપ, શિવ શક્તિ ગ્રુપ, શ્રીરામ પ્રભુ ચેરીટેબલ ટ્રસ્ટ, ભગવા રક્ષક ગ્રુપ, પી.જે. એકેડેમી ગ્રુપ હિન્દુ સેના બાળ ગ્રૂપ સહિતના ૨૬ જેટલા સુંદર અને આકર્ષક ચલિત ફલોટ્સ જોડાયા હતા. જેના દર્શનનો લ્હાવો લેવા માટે સમગ્ર શોભાયાત્રાના રૂટ પર રામ ભકતોની હકડેઠઠ જનમેદની ઉમટેલી જોવા મળી હતી.

આ ઉપરાંત રામ સવારીના શોભાયાત્રાના રૂટ પર ઠેર ઠેર રામ સવારીનું ભવ્ય સ્વાગત કરવા માટે તેમજ શોભાયાત્રામાં જોડાનારા રામ સેવકો માટે ઠંડા પીણા - સરબત - છાસ તેમજ પ્રસાદનું વિતરણ કરવા માટે પાણીના પરબ અને સ્થાનિક જગ્યાએ વિવિધ ઝાંખીઓના સ્થાયી ફલોટ્સ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં બાલા હનુમાન સંકિર્તન મંડળ ટ્રસ્ટ દ્વારા સ્વાગત પછી, ચૈતન્ય વાસણ ભંડાર, મોબાઈલ ઝોન (હવાઈ ચોક), હવાઈ ચોક મિત્ર મંડળ, હાલારી ભાનુશાળી જ્ઞાતિ ના સર્વે હોદ્દેદારો, લાયન્સ કલબ ઓફ જામનગર, બ્રહ્મદેવ સમાજ, સતી માતા મિત્ર મંડળ, તુલસી સેવા મંડળ, ભવાની યુવક મંડળ, નાગર ચકલા વેપારી એસોસીએશન, શકિત યુવક મંડળ, ગજકેસરી ગ્રુપ, શિવ મિત્ર મંડળ, પીપળેશ્વર મહાદેવ મિત્ર મંડળ, જય માતાજી હોટલ ગ્રુપ, મહાલક્ષ્મી મિત્ર મંડળ, ગોકુળીયા હનુમાન મિત્ર મંડળ, શ્રી ઔદિચ્ય ગઢિયા બ્રહ્મ સમાજ યુવક મંડળ, શ્રી હરીદાસ જીવણદાસ લાલ ચેરીટેબલ ટ્રસ્ટ, શીવ મિત્ર મંડળ, શ્રી યુવક મંડળ, સેન્ટ્રલ બેંક મીઠાઈ-ફરસાણ વેપારી એસોસીએશન, આશુતોષ મહાદેવ મિત્ર મંડળ, ઓમ યુવક મંડળ, પતંગીયા ફળી મિત્ર મંડળ, બર્ધન ચોક ગ્રૂપ (નિરવભાઈ), બ્રહ્મ ક્ષત્રિય યુવક મંડળ, બ્રહ્મક્ષત્રિય કંસારા મંડળ, સુખરામદાસ ગ્રૂપ, સીંધી માર્કેટ વેપારી એસોસીએશન, બજરંગ મિત્ર મંડળ, રાણા મિત્ર મંડળ, દાજીબાપુ શેરી ગ્રૂપ, જામના ડેરા મિત્ર મંડળ, સતવારા સમાજ (કાલાવડ નાકા બહાર), રાજેન્દ્ર રોડ વેપારી એસો., ગણેશ મરાઠા મંડળ, શ્રીરામ પરિવાર, શિવ શકિત હોટલ ગ્રૂપ, વાઘેશ્વરી માતાજી મંદિર (સોની સમાજ), ગણેશફળી મિત્ર મંડળ, કોમી એકતા ગ્રૂપ (અલુ પટેલ યુનુસ શમા), પંકજ સોઢા ફાઉન્ડેશન, સમસ્ત ભોઈરાજ ગ્રુપ, દિપક ટોકીઝ રીક્ષા એસો., પંજાબ બેંક રીક્ષા એસો., ચૌહાણ ફળી મિત્ર મંડળ, હર્ષીદા ગરબી મંડળ, ત્રિશુલ મિત્ર મંડળ, શિવશકિત સાંસ્કૃતિક સેવા ટ્રસ્ટ, જયદેવભાઈ ભટ્ટ, સ્વામિનારાયણ મંદિર- કોઠારી સ્વામી ચતુર્ભુજદાસજી મહારાજ, સમસ્ત કડિયા જ્ઞાતિ (નવીનભાઈ- પીન્ટુભાઈ) બનાસ અલ્પાહર (નારસંગભાઈ ગ્રુપ), વંડાફળી યુવક મંડળ, સમસ્ત બ્રહ્મ સમાજ- જામનગર, યંગ સોશ્યલ ગ્રુપ - પંચેશ્વર ટાવર, ઓમ કાળેશ્વર મહાદેવ મિત્ર મંડળ, રામજી મંદિર લોહાણા મહાજન જ્ઞાતિ - પંચેશ્વર ટાવર દ્વારા શોભાયાત્રાના રૂટ પર ઠંડાપીણાં - સરબત - પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. તેમજ વિવિધ ઝાંખી ઊભી કરવામાં આવેલ હતી. જેના દર્શનનો લ્હાવો લેવા માટે તેમજ પ્રસાદ મેળવવા માટે અનેક રામભકતોએ ઠેર ઠેર ભીડ જમાવી હતી, અને શહેરમાં રામમય વાતાવરણ જોવા મળ્યું હતું.

મહાદેવ હર મિત્ર મંડળ ચેરી. ટ્રસ્ટના પ્રમુખશ્રી રાજેશ વ્યાસ (રાજુભાઈ મહાદેવ) ના માર્ગદર્શન હેઠળની આ વખતે સતત તેતાલીસમાં વર્ષે યોજાનારી રામસવારીના સફળ સંચાલન માટે એક સંકલન અને સંચાલન સમિતિની રચના કરવામાં હતી છે. જેના કન્વીનર તરીકે પી.એમ. જાડેજા તથા સહ કન્વીનર તરીકે મૃગેશભાઈ દવે તેમજ ધવલભાઈ નાખવાની નિયુકતી કરવામાં આવી હતી. જેમની આગેવાનીમાં સર્વશ્રી રાજેન્દ્રસિંહ સોઢા, જીગર રાવલ, ચંદ્રવદન ત્રિવેદી, વ્યોમેશ લાલ, ભાર્ગવ પંડયા, પ્રતિકભાઈ ભટ્ટ, પિયુષભાઈ કટેશીયા, ધિમંતભાઈ દવે, માંડણભાઈ કેશવાલા, હેમલ ગુસાણી, સંદીપ વાઢેર, મનોજભાઈ પરમાર, નંદલાલભાઈ કણઝારીયા, જીતુભાઈ ઝાલા, વૈભવ રાવલ, રાહુલ ચૌહાણ, જય બખતરીયા, વિજયસિંહ જાડેજા, હાર્દિક ગોપીયાણી, વિશાલ પંડયા, અમર દવે, ચિરાગ જીંઝુવાડીયા, રાજ ત્રિવેદી, યોગેશ ઝાલા, મિતેશ મહેતા, યોગેશ જોશી, યજુર્વેન્દ્રસિંહ જાડેજા સહિતના ૫૩ સભ્ય કાર્યકરોની સમિતિ દ્વારા રામસવારીનું સંચાલન કરાયું હતું.

શોભાયાત્રાની પૂર્ણાહુતિ પંચેશ્વર ટાવર પાસે આવેલા શ્રી રામ મંદિર પાસે કરાઈ હતી. જયાં લોહાણા મહાજન વાડીમાં આવેલ રામચંદ્રજી મંદિર ખાતે રામધુન તથા સંગીતમય હનુમાન ચાલીસા તથા સુંદર કાંડના પાઠ રાખવામાં આવ્યા હતા. પૂર્ણાહુતિ સમયે લોહાણા સમાજ મહામંત્રી રમેશભાઈ દત્તાણી, ઉપરાંત મનોજ અમલાણી, લોહાણા મહાજન જ્ઞાતિના કારોબારી સભ્ય હેમલ ચોટાઈ, નિલેષ ચંદારાણા, અનિલ ગોકાણી, નિલેશ ઠકરાર, રાજુભાઈ હિંડોચા, મધુભાઈ, અતુલભાઈ, રાજુ પતાણી, રાજુ ગોંદિયા, ભરતભાઈ કાનાબાર, તથા બહેનો સહિતના લોહાણા મહાજન અગ્રણીઓએ ફૂલહારથી રામરથનું સ્વાગત કરી પૂર્ણાહુતિ કરાવી હતી.

જામનગરમાં યોજાયેલી રામ સવારીમાં જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ તેમજ અન્ય પોલીસ અધિકારીઓની મોટી ટીમ દ્વારા લોખંડી અને સજ્જડ પોલીસ બંદોબસ્ત પૂરો પાડવામાં આવ્યો હતો.

બાલા હનુમાન મંદિરથી શોભાયાત્રા શરૂ થઈ ત્યારથી પંચેશ્વર ટાવર સુધીના તમામ રૂટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો, જેમાં જામનગરના દરબારગઢ વિસ્તારથી લઈને અનેક વિસ્તારોમાં ખુદ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ જાતે જ શોભાયાત્રામાં જોડાયા હતા. જેઓની સાથે શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, શહેરના ત્રણેય પોલીસ ડિવિઝનના પોલિસ ઈન્સ્પેકટર, એલસીબી અને એસઓજીના પોલીસ ઈન્સ્પેકટર, અન્ય સ્ટાફ, શહેરના તમામ ડિવિઝનના પીએસઆઈ તથા અન્ય પોલીસ હેડ કોન્સ્ટેબલ, કોસ્ટેબલ સહિતના કર્મચારીઓની મોટી ટીમ શોભાયાત્રા ના સમગ્ર રૂટ પર ખડે પગે રહી હતી, અને શોભાયાત્રામાં સુરક્ષા કવચ પૂરું પાડ્યું હતું.

મહિલા પોલીસ કર્મચારી પણ મોટી ટીમ સાથે રહી હતી, જ્યારે ટ્રાફિક શાખાની ટીમ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ટ્રાફિક બંદોબસ્ત જાળવ્યો હતો, જેના કારણે શોભાયાત્રા ખૂબ જ ઉત્સાહ ભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

જામનગરમાં ચાંદી બજાર વિસ્તારમાં હરહંમેશા શ્રીરામ સવારીનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે, જ્યાં ભારતીય જનતા પાર્ટી પરિવાર તેમજ શ્રી ગણેશ મરાઠા મંડળ વગેરે દ્વારા રામસવારી નું ભવ્યાતીભવ્ય સ્વાગત થાય છે. જેમાં આ વખતે શ્રી ગણેશ મરાઠા મંડળ, તેમજ વિપુલભાઈ મહેતા (ભુરાભાઈ) ની ટીમ દ્વારા ભગવાન શ્રીરામનું ૩૦ ફૂટનું કટ આઉટ તૈયાર કરીને ચાંદી બજાર ચોકની મધ્ય સુશોભીત કરીને રખાયું હતું, અને તેની ફરતે રોશની કરાઈ હતી. સાથોસાથ અયોધ્યા ના રામ મંદિરની પ્રતિકૃતિ પણ કંડારવામાં આવી હતી, જેના દર્શનનો લાભ લેવા માટે ચાંદીબજારના ચોકમાં અનેક ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ડી.જે. ના તાલે રામ ધુન માં અનેક ભાવિકોએ સાથ આપ્યો હતો, અને રામમય વાતાવરણ બન્યું હતું.

## રાજા મેલડી ગ્રુપ દ્વારા મહાબલી હનુમાન સાથે અદકેરૂ આયોજન







રામનવમી નિમિત્તે રાજા મેલડી ગ્રુપ જામનગર દ્વારા દિગ્વિજય પ્લોટ ૫૮ ખાતેથી વિશેષ ભગવામય માહોલ સાથે મહાબલી હનુમાન સાથે રામસવારી શોભાયાત્રા કાઢવામાં આવી જે શોભાયાત્રા ને જામનગર ૭૮ અને ૭૯ વિધાનસભાના ધારસભ્ય રિવાબા જાડેજા અને દિવ્યેશભાઈ અકબરી તથા વોર્ડ ના કોર્પોરેટર અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન મનીષભાઈ કટારીયા દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવી. સમગ્ર વિસ્તાર મહોલ્લો કેસરિયા રંગે ભગવાન શ્રીરામ ના નામ લીન થયો હતો. આ રામ સવારી ૫૮ દિગ્વિજય પ્લોટ માંથી પસાર થઈ મુખ્ય શોભાયાત્રા માં જોડાઈ હતી.

આયોજકો દ્વારા ઈન્દોર થી ખાસ મહાબલી હનુમાન જી ને તેડાવ્યા હતા જે હનુમાનજી એ સમગ્ર રામસવારી અનેક રંગ ભરી દીધા હતા નગરભ્રમણ કરતી રામસવારી જ્યારે ચાંદી બહાર નાં ચોક માં પહોંચી હતી આ તકે ભાજપ સંગઠન સહિત લોકસભા ૧૨ દ્વારકા જામનગર ના સાંસદ ઉમેદવાર શ્રીમતી પુનમ માડમ સહિત સર્વે સંગઠનને મહાબલી ના કરતબે મોહીત કર્યા હતા અને તેમને મંચ પરથી વધાવ્યા હતા જે ક્ષણે મહાબલી એ પુનમબેન ને જંગી બહુમતી સાથે વિજયના સુભાશિષ પાઠવયા હતા. કાર્યક્રમ ને લઈ આયોજકો દ્વારા રાજા મેલડી ગ્રુપ ના સર્વે સ્વયંસેવકો, ડી.જે નાં તાલે જુમાવાનાર ઉઉં મોગલ, હિન્દુ ઉત્સવ સમિતિ, પોલીસ અને પ્રશાસન સહિત સર્વેનો સાથ સહકાર બદલ હૃદયપુર્વક શુભકામનાઓ પાઠવે છે.

Published and Printed by PRADEEPBHAI NAROTTAMDAS SHAH on behalf of SANJ PUBLICATIONS. Printed at SANJ MEDIA Sanj Samachar House,Kasturba Road,Rajkot and Published from SANJ SAMACHAR OFFICE, 402, Kuber Avenue, Gurudwara Chowk, Jamnagar. Editor : PRADEEPBHAI NAROTTAMDAS SHAH

# બાંધણીમાં અદ્દ્ભૂત હેન્ડવર્કમાં જામનગરનો વિશ્વભરમાં ડંકો






## જામનગરના બ્રાસની માફક બાંધણી સાડીએ પણ વિશ્વભરમાં જામનગરનું નામઃ આ બંધેજ કામ કરેલી સાડીની ડિમાન્ડ દુનિયાભરમા છે. જામનગરની બાંધણીની કિંમત પણ તેના આર્ટ વર્ક પ્રમાણેઃ બાંધણીમાં ૬૦૦ રૂપિયાથી માંડી ૧૦૦-૧૦૦ રૂપિયાના ફેરમાં ૮૦ હજાર સુધીની વેરાયટી ઉપલબ્ધ

જામનગર તા.૧૮ઃ બાંધણીની દુનિયામાં જામનગરનો વિશ્વભરમાં ક્યાંય જોટો ન મળે. વર્ષોથી જામનગરની બાંધણીએ વિશ્વભરમાં નગરનું નામ ચમકાવ્યું છે. જામનગરમાં ૬૦૦ રૂપિયાથી માંડી ૮૦ હજારની કિંમતની રંગબેરંગી અને નયનરમ્ય બાંધણી મળી રહી છે. જામનગર, ગુજરાત તો ઠીક પણ નગરની આ બાંધણીની વિશ્વભરમાં પણ વર્ષોથી બોલબાલા છે જે આજે પણ યથાવત રહેવા પામી છે. શહેરમાં અનેક પરિવારો ૧૦૦ વર્ષથી પણ વધુ સમયથી બાંધણીની આ કારીગરાઈ સાથે પ્રત્યે અને પરોષ રીતે રોજગારી મેળવી રહ્યા છે. મંદી-મોંઘવારીના સમયમાં પણ બાંધણીની માંગ અકબંધ રહેવા પામી છે. બાંધણીનું કાચુ કાપડા બેંગ્લોર, બનારસ અને સુરતથી મંગાવવામાં આવે છે. જેમાં આબેહુબ બંધેજ કામ કરી બાંધણીનું રૂપ આપવામાં આવે છે. જે વિશ્વભરમાં વેચાઈ છે.

સમયથી સાથે આ કારીગરાઈમાં પણ પરિવર્તન આવ્યું અને પહેલાના સમયમાં માત્ર એકથી બે કલરમાં જ બાંધણી બનતી હતી. પરંતુ હવે ૩૦ થી ૪૦ જેટલા કલરમાં બાંધણી બને છે. ખાસ વાત એ છે કે, જામનગરની બાંધણીમાં સાચી ચાંદીની ઝરી પણ હોય છે અને જે જામનગરની કળાનો અદ્દ્ભુત, આર્કષક અને બેનમુન નુમનો છે.

કોરોના બાદ ગત લગ્નસરાની સિઝન ધોમ ખરીદી ખુલતા વેપારીઓને પણ સારી એવી કમાણી થઈ હતી. જામનગરમાં બાંધણીની અનેક દુકાનો આવેલી છે બાંધણી સાડી પટોળાની દુનિયામાં જામનગરનું મહત્વનું સ્થાન ગણાય છે. જામનગરની આ બાંધણી ઓનલાઈન પણ મળી જાય છે અને કુરિયર પણ કરી આપવામાં આવે છે.

### બાંધણીની વેરાયટી અને કિંમત

બાંધણીના ભાવ અને વેરાયટીની વાત કરવામાં આવે તો જામનગરમાં આ સાડીની વેરાયટીઓનો ખજાનો છે. ગઢવાલ બાંધણીનું ૩૫૦૦ રૂપિયામાં વેચાણ થાય છે. જયારે ગજસિલ્ક તરીકે ઓળખાતી બાંધણી ૭ હજાર રૂપિયા સુધીમાં વેચાઈ રહી છે. એ જ રીતે બાંધણીની અન્ય એક વેરાયટી અજરખ વિથ બધેજ જે રૂ.૪૭૫૦ સુધીમાં વેચાઈ છે. ઉપરાંત મોરદાન ગજજીના રૂ.૬૭૫૦, સેમી ગજજી રૂ.૫૭૫૦, પટોળા વીથ બાંધણી રૂ.૩૯૦૦, ગજજી ચેકસ, ઘરચોળા રૂ.૬૨૫૦, લખનવી વિથ બાંધેજ રૂ.૩૪૨૫૦, રિયલ જરી રૂ.૪૨ હજાર (સાચી ચાંદીની જરી હોય છે.), બનારસી જોરજીત રૂ.૪૭૫૦૦, ગજસિલ્ક રૂ.૧૬૨૫૦, બનારસી સિલ્ક રૂ.૫૨ હજારમાં મળે છે. આ ઉપરાંત ૭૦ થી ૮૦ હજાર સુધીની બાંધણી પણ ઓર્ડર પ્રમાણે વેચાણ કરવામાં આવે છે.

# વિશ્વ હિન્દુ પરિષદ લીગલ સેલ દ્વારા રામજન્મોત્સવની ઉજવણી




વિશ્વ હિન્દુ પરિષદ વિધી પ્રકોષ્ઠ લીગલ સેલના વકીલ ભાઈઓ તથા બહેનો દ્વારા જામનગર મહાનગર માં બેડી ગ્રેટ પાસે આવેલ શ્રી રામ મંદિર માં શ્રી રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી તેમાં સંત કોઠારી સ્વામી ચતુર્ભુજ મારાજ સ્વામિનારાયણ સંપ્રદાયના તથા બાર કાઉન્સિલ મેમ્બર અને સિનિયર ધારાશાસ્ત્રી મનોજભાઈ અનડકર તેમજ વિશ્વ હિન્દુ પરિષદ વિભાગ સહ મંત્રી સો.પ્રાત લીગલ સેલ સહ સંયોજક ધર્મેશભાઈ ગોંડલીયા વિશ્વ હિન્દુ પરિષદ ધમેચાયે સુરેશભાઈ ગોંડલીયા વિશ્વ હિન્દુ પરિષદ સંપર્ક પ્રમુખ કલ્પેનભાઈ રાજાણી જામનગર બાર એસોસિયેશનના કોષાધ્યક્ષ રૂચિરભાઈ રાવલ ગુજર કડીયા સુથાર સમાજ પ્રમુખ નવિનભાઈ લાખાણી તેમજ એ ડી જી પી ભારતીબેન વાદી નિમિષાબેન ત્રિવેદી મનિષભાઈ સોમૈયા મિલનભાઈ કનખરા તેજસ શારદા દેવાયત વારોતરીયા કાજલબેન દાઉડીયા જાગુતિબા જાડેજા બિંદિયા રાજગોળ તથા અનિતાબેન રામવાણી વિગેરે વકીલ ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા ભગવાન શ્રી રામ ની ધૂન તથા હનુમાનજી મહારાજ ની ચાલીસા તેમજ આગામી કાયેકમ ની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને વિશ્વ હિન્દુ પરિષદ વિધી પ્રકોષ્ઠ લીગલ સેલ ના આગામી દિવસોમાં અનેક કાયેકમ આવી રહ્યા છે તેમની માહિતી ધર્મેશ ગોંડલીયા આપેલ હતી વીધી પ્રકોષ્ઠ નું કાયે સફરતા પુવેક પુણે થાય તેવા આશીર્વાદ સંત શ્રી કોઠારી સ્વામી શ્રી ચતુર્ભુજ મારાજ દ્વારા આપેલ હતી.

# ખાનગી હોસ્પિટલમાં જાહેર મારામારી




જામનગરની એક ખાનગી હોસ્પિટલમાં છુટા હાથે મારામારી થઈ હોવાનો વીડિયો સામે આવતા હોસ્પિટલ ચર્ચાના ચકડોળે ચડી છે. જામનગરની જેસીસીસી નામની ખાનગી હોસ્પિટલમાં બે સિક્યુરિટી ગાર્ડ વચ્ચે બબાલ થઈ હતી. જે બબાલે જોત જોતામાં ઉગ્ર રૂપ ધારણ કરી લેતા મામલો બીચકાયો હતો. જેમાં નજીવી બાબતની માથાકૂટે મોટું રૂપ ધારણ કરી લેતા છૂટા હાથે મારામારી થઈ હતી. કર્મીઓએ એકબીજાને બચકા ભરી લીતા દોડધામ મચી હતી. એટલું જ નહીં આ અંગેનો વિડીયો હાલ સોશિયલ મીડિયામાં ધોમ વાયરલ થઈ રહ્યો છે. આઈસયુ વોર્ડનો આ વિડીયો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પ્રકરણમાં દર્દીઓના સગાની દરમિયાનગીરી કરતા મામલો થાળે પડ્યો હતો.

## ઈટ્રાખાતે મહિલાઓને લગતી સમસ્યાઓ માટે વિવિધ યોગાભ્યાસ શિબિર

જામનગર તા.૧૮ઃ આઈ.ટી.આર.એ. જામનગર સ્વસ્થવૃત્ત વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ માટે યોગ' વિષયવસ્તુ પર આધારિત ૧૦માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં મહિલાઓને લગતી વિવિધ સમસ્યાઓ માટે વિવિધ યોગાભ્યાસ શિબિરનું નિશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે

આ શિબિરમાં નામ નોંધાવા અને ભાગ લેવા માટે કેમ્પના દિવસે સ્વસ્થવૃત્ત વિભાગ, ડો. પી.એમ મહેતા રોડ (ચિડિયાખાના રોડ) હનુમાન ગેઈટ પોલિસ ચોકી પાસે જામનગર, સમયઃ સવારે ૯ થી ૧૨ તેમજ સ્વસ્થવૃત્ત વિભાગ શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સંઘવી યોગ ભવન આઈ.ટી.આર.એ. જામનગર ખાતે સાંજે ૫ થી ૬ દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. આ યોગ શિબિરનો લાભ લેવા આઈ.ટી.આર.એ.ના નિયામકશ્રી પ્રો. વૈદ્ય અનૂપ ઠાકર દ્વારા યાદીમાં જણાવવામાં આવે છે કે આ યોગાભ્યાસ શિબિર માં તા. ૧૯-૦૪-૨૦૨૪ માસિક ધર્મ સંબંધિત સમસ્યાઓ માટે યોગાભ્યાસ તા. ૨૬-૦૪-૨૦૨૪ સગર્ભાવસ્થા દરમિયાન યોગાભ્યાસ,તા. ૦૩-૦૫-૨૦૨૪ "રજોનિવૃ તિ સંબંધિત સમસ્યાઓ માટે યોગાભ્યાસ, છે.

## દશા શ્રીમાળી લાણી સંસ્થા દ્વારા પ્રિતિ ભોજન યોજાશે

જામનગર તા.૧૮ શ્રી જામનગર દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થા દ્વારા દાતા પરિવારના સહયોગથી આગામી તા.૨૧ એપ્રિલની રવિવારના રોજ મહાવીર જયંતિ નિમિત્તે બપોરના પ્રીતિ ભોજન નું આયોજન કરવામાં આવ્યું છે જામનગર ખાતે મહાવીર જયતી નિમિતે તા. ૨૧.૪ ૨૦૨૪ ને રવિવારના રોજ બપોરના ૧૨ થી ૨ પ્રીતિ ભોજનનું આયોજન કરેલ છે. જેમાં દાતા સ્વ.દલસુખ લાલ મોહનલાલ મહેતાના પુણ્ય સ્મરણાર્થે. જયશ્રીબેન મહેતાના પરિવારજનો દ્વારા કાયમી પ્રીતિ ભોજનનું આયોજન કરવામાં આવે છે.તેજ રીતે આ વર્ષે પણ જ્ઞાતિના સભ્યોએ પરિવાર સાથે પ્રીતિ ભોજનનો લાભ લેવા જ્ઞાતિના પ્રમુખ વિજયભાઈ શેઠ મંત્રી અશ્વિનભાઈ વાધજીયાણી,, દાતા તરફથી અનુરોધ કરાયો છે

## અવસાન નોંધ


**જામનગરઃ સ્વ.નરભેરામ વિઠ્ઠલજી મહેતાના પુત્ર શરદભાઈ નરભેરામ મહેતાનું આજે ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. જે ભાવિક, શિતલબેન, દિપાબેન અને રીનાબેનના પિતા તથા દેવાંગ નલીનભાઈ મહેતાના મોટા પપ્પા તથા લાલજી મોતીંદ ખજુરિયાના જમાઈ, રમેશભાઈ, રાજુભાઈ, જીતુભાઈ અને દિપકભાઈના બનેવી થાય. સદ્દ્ગતનું ઉઠમણું આવતીકાલ તા.૧૯ને શુક્રવારના સવારે ૯ઃ૩૦ કલાકે મોટા ઉપાશ્રય, લાલબાગ સામે, ચાંદીબજાર, જામનગર ખાતે રાખેલ છે.**

# જામનગરમાં અંગ દઝાડતી ગરમીઃ ૪૦ ડિગ્રી તાપમાનથી લોકો અકળાયા

### જામનગરમાં ગરમીની ગાડી પાટે ચડતી હોવાથી આગામી દિવસો આકરા રહેવાના એંધાણઃ બપોરે ૧ થી ૪ દરમ્યાન મુખ્ય માર્ગો અને બજારોમાં લોકોની પાંખી હાજરી

જામનગર તા.૧૮

જામનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અગન ગોળામાં ફેરવાયું છે તો દરિયાઈ પટ્ટી ઉપરના વિસ્તારમાં કાળજાળ ગરમીમાં વધારો થયો હોય તેવું લાગી રહ્યું છે ત્યારે જામનગરમાં આજે મહત્તમ તાપમાન નો પારો ૪૦ ડિગ્રી એ પહોંચ્યો હતો જેને લીધે સવારથી જ લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો સૂર્યનારાયણના આકરા તાપના લીધે લુ જેવું વાતાવરણ લોકો અનુભવાયું હતું મહત્વની વાત એ છે કે જામનગર મહાનગરપાલિકા પાસે તાપમાન માપક સેન્સર નથી. તાપમાન પ્રદૂષણ માપવા માટેના જે સેન્ટરો હોવા જોઈએ તે સેન્ટરો નો હોય તે એક મહત્વની બાબત બની છે ખરેખર તો તાપમાન માપક સેન્ટરો કાર્યરત કરવામાં આવે તો જ ખરેખર જામનગર શહેરના કયા વિસ્તારમાં કેટલું તાપમાન છે તેની માહિતી મળી શકે હાલમાં તો તો કૃષિ વિભાગ દ્વારા જે માહિતીને આંકડા એક જ વાર આપવામાં આવે છે તેના ઉપર આધાર રાખવો પડે છે.



જામનગર શહેરના વાતાવરણની વાત કરીએ તો આજે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચ્યો હતો તે જ રીતે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા નોંધાયું હતુ. શહેરમાં ૪૦ ડિગ્રી વચ્ચે પવનની ગતિ ૭.૬ કિમિ ની ઝડપે ગરમ પવન ફુકાતા જ એની અસર જનજીવન ઉપર જોવા મળી હતી. દરિયા કાંઠે આવેલા જામનગર શહેરમાં સામાન્ય રીતે તાપમાનનો પારો સામાન્ય રહેતો હોય છે અન્ય શહેરો કરતા જામનગર શહેરનું તાપમાન અને ગરમીનું પ્રમાણ પણ ખૂબ જ ઓછું રહેતું હોય છે આમ છતાં આજે પહેલી વાર ઉનાળાની સિઝનમાં ૪૦ ડિગ્રીનો પણ આંકડો પહોંચ્યો હતો. અને સવારથી જ એસી કુલર અને પંખા ચાલુ થઈ ગયા હતા જેથી વીજ વપરાશ પણ વધ્યો હતો તે જ રીતે જ આરોગ્ય અને ગરમી ગરમીથી બચાવવા આરોગ્ય વિભાગે માર્ગદર્શન જાહેર કર્યું છે.ગરમીથી બચવા બપોરે ૧૨ થી ૩ વાગ્યા સુધી કામ વગર બહાર નીકળવાનું ટાળવું.તેમજ આકરી ગરમી અને લુ થી બચવા માટે થઈને ટોપી,ચશ્મા,બુટ, છત્રીનો ઉપયોગ કરવો. ખાસ કરીને ગરમીનું પ્રમાણ જ્યારે વધારે હોય ત્યારે છાશ કેરીનો સર્વત્ર લીંબુ પાણીનો વપરાશ વધુ કરવો તેવી સલાહ પણ આપવામાં આવી છે અને આકરા તાપથી બચવા માટે સાવધાની રાખવી અને કામ વગર બહાર ન નીકળવા પણ અનુરોધ કરાયું છે ત્યારે શહેરના રાજમાર્ગો બપોરના ૧૨ થી ૪ દરમિયાન કુદરતી કરફ્યુ જેવું વાતાવરણ સર્જાય છે કે ગરમીના દિવસોમાં વારંવાર પાણી પીવું જોઈએ તેમજ કેરી, તરબૂચ, મોસંબી જેવા પણ ફળફળાદિ ઉપયોગમા વધારવો જોઈએ સામાન્ય રીતે જો માથાનો દુખાવો ઉપકાર કે ચક્કર આવે કે અંધારા આવે તો શરીરનું તાપમાન માપીને તાત્કાલિક સારવાર લેવા પહોંચી જવું તેમ પણ સલાહ આપવામાં આવી છે

## કારખાનામાં નોકરી ગયા બાદ યુવાન લાપત્તા

જામનગર તા.૧૮ઃ જામનગરના દરેડમાં આવેલા એક કારખાનામાં નોકરી કરતા યુવાન પોતાની નોકરીમાં ગયા પછી પરત નહીં આવતા ગુમ થયા હોય તેમના પરિવારે પોલીસને જાણ કરી છે.

જામનગરના રણજીતસાગર રોડ પર પ્રણામી સોસાયટી-૨માં રહેતાં પરેશભાઈ હિંમતભાઈ ભાડેશિયા (ઉ.વ.૪૫) નામના સુથાર યુવાન ગત્ તા.૨૩ના દિને જે કારખાનામાં નોકરી કરતાં તહં તે દરેડના શિવ કોમ્પલેક્ષમાંથી પરત ન આવતા તેમના પરિવારે પોલીસને જાણ કરી છે. યુવાન અંગે કોઈને જાણકારી હોય તો



તેઓને પંચકોષી બી ડિવિઝનના જમાદાર એસ.એસ.જાડેજા ૮૫૩૦૩ ૦૯૯૯૯ નો સંપર્ક કરવો.

## સામાજિક અગ્રણી કિશોર સંઘાણીનો આજે જન્મદિવસ



કિશોરભાઈ સંઘાણી એટલે એવું વ્યક્તિત્વ જે સદાયે સમાજના ભલાં માટે તત્પર અને સતત કાર્યરત હોય. કિશોરભાઈ વિવિધ ધાર્મિક, સેવાકીય અને સામાજિક સંસ્થાઓ સાથે ખૂબ જ સક્રિય રીતે સંકળાયેલા રહેવાની પ્રકૃતિ ધરાવે છે. ૧૮ એપ્રિલે જન્મેલા કિશોરભાઈ સાલસ અને વિનમ્ર સ્વભાવની સુવાસ ધરાવતાં, લેઉવા પટેલ સમાજના યુવા અગ્રણી છે. દાયકાઓથી શહેરના લાલબંગલા સર્કલ નજીક મધુરમ એન્ટરપ્રાઈઝ નામથી પાર્ટનરશીપ બિઝનેસ ધરાવતાં કિશોરભાઈ સંઘાણી શહેરની જાણીતી સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર ભૂમિકાઓ નિભાવી રહ્યા છે. કિશોરભાઈ નામાંકિત સેવાકીય સંસ્થા આણદાબાવા સેવા સંસ્થાના ટ્રસ્ટી તરીકે ફરજ બજાવે છે. આ ઉપરાંત તેઓ લેઉવા પટેલ સેવા સમાજ- જામનગર જિલ્લાના ખજાનચી, ઠેબા ના આદર્શ કેળવણી મંડળના મંત્રી, જામનગર પાંજરાપોળના કારોબારી સદસ્ય, જામનગર જિલ્લા આયુષ સોસાયટીના ડાયરેક્ટર, સ્વામી વિવેકાનંદ ક્રેડિટ ક્રો- ઓપરેટિવ સોસાયટીના ડાયરેક્ટર તથા લોટ્સ ચેરિટેબલ ટ્રસ્ટના સદસ્ય તરીકે ઘણાં સમયથી ફરજો બજાવે છે. તેઓનો મોબાઈલ નંબર ૯૯૯૮૦ ૦૧૫૮૧ છે.

ફરી એક વખત ભારત વિરોધી વલણ દર્શાવતી જસ્ટીન ટુડો સરકાર

# ભારતમાં ચુંટણી સમયે ગમે ત્યારે કર્ફયુ લાગી શકે છેઃ કેનેડા સરકાર

## હાલ ભારતમાં રહેલા કેનેડીયન નાગરિકો અને પોતાના રાજદ્વારીઓને માટે એડવાઈઝરી જાહેર કરીઃ સાવધ રહેવા સલાહ

નવી દિલ્હી તા.૧૮ સતત ભારત વિરોધી વલણ દાખવી રહેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો સરકારે હવે ભારતની ચુંટણી અંગે પણ એક એડવાઈઝરી જાહેર કરીને ભારતમાં પ્રવાસે આવેલા કેનેડાના નાગરિકોને સાવધ રહેવા સલાહ આપી છે. કેનેડા સરકારે જાહેર કરેલી એડવાઈઝરીમાં જણાવ્યું છે કે ભારતમાં ચુંટણી છે અને વિરોધ પ્રદર્શન પણ થઈ શકે છે અને ગમે ત્યારે અઘોષિત કર્ફયુ પણ લાગી શકે છે. એક તરફ ભારતમાં ચુંટણીમાં મતદાનમાં પ્રથમ તબકકો શરૂ થઈ રહ્યો છે તે સમયે કેનેડાએ ભારતમાં રહેલા તેના નાગરિકોને વધુ સતર્કતા દર્શાવવા કહ્યુ છે તેમાં જણાવાયું છે કે ૧૯ એપ્રિલથી ૧ જૂન વચ્ચે ભારતમાં ચુંટણીઓ યોજાઈ રહી છે તે દરમ્યાન દેખાવો થઈ શકે છે. ચુંટણીના



## દિલ્હી–મુંબઈ–બેંગ્લોર–ચંદીગઢ સહિતના શહેરોમાં જાહેર દેખાવના સ્થળોથી દુર રહેવા પણ સલાહ આપી

કારણે પ્રવાસ વગેરેની સમસ્યા પણ સર્જાઈ શકે છે. આ જાહેર ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાને અસર થઈ શકે છે. કેનેડાએ તેની એડવાઈઝરીમાં જણાવ્યું છે કે ચુંટણી સમયે કોઈ આગોતરી જાણ વગર જ કર્ફયુ પણ જાહેર થાય તેવી શકયતા છે અને તેના નાગરિકોને એવા સ્થળેથી દુર રહેવા સલાહ આપી છે કે જયાં મોટાપાયે લોકો એકત્ર થતા હોય અને દેખાવો તથા પ્રદર્શન કરી રહ્યા હોય. કેનેડાએ તેની એડવાઈઝરીમાં જુની માહિતી પણ આપી છે અને તેના રાજદ્વારીઓને અજાણ્યા લોકો સાથે બહુ નજદીકી નહી કેળવવા અને તેઓ દિલ્હી બહાર જાય ત્યારે પણ સાવધાની રાખવા જણાવ્યું છે જેમાં ખાસ કરીને બેંગ્લોર, ચંદીગઢ અને મુંબઈનો ઉલ્લેખ કર્યો છે.

# છોટીકાશીમાં રામનવમીની સાંજે રામ દરબારનું નગરભ્રમણ






મર્યાદા પુરૂષોત્તમ ભગવાનશ્રી રામના જન્મોત્સવ રામનવમીની ઉજવણી છોટીકાશીમાં રામ સવારી સાથે થઈ હતી. આ શોભાયાત્રામાં અયોધ્યા સ્થિત મંદિરમાં સ્થાપિત મૂર્તિ જેવું સ્વરૂપ જ એક ભકતે ધારણ કર્યુ હતું. આ શોભાયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. ભગવા ધ્વજ લહેરાવાની સાથે ભગવાનના જયઘોષથી વાતાવરણ રામમય બની ગયું હતું. (વધુ તસ્વીર અને અહેવાલ અંદરના પાને)



# કર્તવ્ય પથ પર એક સાથે ૨૮ બાઈક ચાલકોના સ્ટંટઃ ધરપકડ

બાઇક કે સ્પોર્ટસકાર જેવા વાહનો મારફત રસ્તા પર સ્ટંટ કરતા યુવાનોનું દુષણ દેશભરમાં છે. રાજકોટ સહિતના શહેરોમાં વખતો વખત આવા કિસ્સા પ્રકાશમાં આવતા જ હોય છે. પાટનગર દિલ્હીમાં એક સાથે ૨૮ બાઇક ચાલકોએ સ્ટંટ કરીને રસ્તો રોકી દેતા તમામની ધરપકડ કરવામાં આવી હતી. હેલ્મેટ વિના અને ખતરનાક રીતે વાહન ચલાવવા સહિતના કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પાર્લામેન્ટરી સહિત તથા કર્તવ્ય પર પરોઢીયે ૩.૩૦ વાગ્યે બાઇક ચાલકો ખતરનાક સ્ટંટ કરતા હોવાનું ધ્યાને આવતા તાબડતોડ પોલીસ સ્ટાફ ધસી ગયો હતો તમામ સામે ગુનો નોંધીને ધરપકડ કરવામાં આવી હતી.

# IAF ફાયનાન્સીંગ એપમાં સારા વળતરની લાલચે ગોંડલના પાંચ લોકોએ રૂ.૧૦.૯૧ લાખ ગુમાવ્યાં

**ગોંડલના ધર્મેન્દ્રભાઈ પંડ્યાએ યુ-ટ્યુબમાં ઓનલાઈન લીંક ખોલ્યા બાદ એક વોટ્સએપ ગ્રુપમાં તેઓને એડ કરી સારા વળતરની લાલચે અલગ અલગ સમયે રૂા.૬.૩૫ લાખનું રોકાણ કરાવ્યું**

**ભોગ બનનારે તેમની સાથે ભાઈ અને પુત્ર સહિત મિત્રોને પણ વાત કરતાં તેઓએ પણ રૂા.૪.૫૬ લાખનું રોકાણ કર્યા બાદ વોટ્સએપ ગ્રુપમાંથી ગઠિયાઓ લેફ્ટ થઈ સાઈટ બંધ કરી છેતરપિંડી આચરી**

**ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસે છેતરપિંડી અને આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ**

રાજકોટ. તા.૧૮ સાયબર માફિયાઓ યેનકેન પ્રકારે લોકોને સારા વળતરની લાલચ આપી ખોટા પ્રલોભનો આપી લાખો રૂપિયા પડાવી લેતાં હોય છે. ત્યારે ગોંડલમાં પણ પાંચ લોકોએ IAF ફાયનાન્સીંગ એપમાં સારા વળતરની લાલચે રૂ.રૂ.૧૦.૯૧ લાખ ગુમાવાનો વારો આવ્યો છે. ગોંડલના ધર્મેન્દ્રભાઈ પંડ્યાએ યુ-ટ્યુબમાં ઓનલાઈન લીંક ખોલ્યા બાદ એક વોટ્સએપ ગ્રુપમાં તેઓને એડ કરી સારા વળતરની લાલચે અલગ અલગ સમયે રૂ.૬.૩૫ લાખનું રોકાણ કરાવ્યું બાદ તેઓએ તેમની સાથે ભાઈ અને પુત્ર સહિત મિત્રોને પણ વાત કરતાં તેઓએ પણ રૂ.૪.૫૬ લાખનું રોકાણ કર્યા બાદ વોટ્સએપ ગ્રુપમાંથી ગઠિયાઓ લેફ્ટ થઈ સાઈટ બંધ કરી છેતરપિંડી આચરતાં ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસે છેતરપિંડી અને આઇટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે ગોંડલના વોરાકોટડા રોડ પર રાંદલમાંના મંદિર પાસે રહેતાં ધર્મેન્દ્રભાઇ ગીરધરલાલ પંડયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ઈઅજ્ઞ ફાયનાન્સીંગ એપ જે આઈબીએમ સાથે કોલોબ્રેશનમાં કામ કરતી કંપનીના અલગ અલગ મોબાઈલ નંબર ધારક, વોટ્સએપ ગ્રુપના એડમીન અને મેનેજરનું નામ આપતાં ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસે છેતરપીંડી, આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગઇ તા.૧૪/૦૧/૨૦૨૪ અગાઉ ત્રણ મહીના પહેલા તેઓએ મોબાઇલ ફોનમાં યુટ્યુબમા ઓનલાઇન એક લીન્ક ખોલેલ અને જેમાં આઈએએફ ફાયનાન્સીંગ નામની એપ હોઇ જે આઈબીએમ સાથે કોલોબ્રેશનમાં કામ કરતી કંપનીમાં મની ઇન્વેસ્ટ કરી ઉંચુ રીર્ટન આપવાની જાહેરાત આવતા, ઉંચુ વળતર મેળવવાના પ્રલોભનમાં આવી જઇ એપ તેઓ પાંચેક મહીનાથી વાપરતાં હતાં. તેઓએ તેમાં અલગ અલગ રીતે કુલ રૂ.૬,૩૫,૨૬૬ પેટીએમથી અલગ અલગ નામની કંપનીના નામ આવતા તેમાં પૈસા મોકલેલ હતાં. ગઇ તા.૧૫/૦૧/૨૦૨૪ ના ઓનલાઇન સર્વર ડાઉન કરી કંપની ઓફ લાઇન થઇ ગયેલ અને જે કંપનીમા અલગ અલગ લોકો હતા જેના મોબાઇન નંબર-૭૬૪૧૯૨૧૦૮૨, ૯૮૬૩૮૧૮૧૦૨, ૬૦૦૯૦૯૬૫૮૩, ૮૧૩૨૯૮૩૯૧૪, ૯૮૬૩૯૭૨૯૦૦, ૬૩૭૭૩૬૯૬૮૯, ૯૦૦૧૮૮૬૨૬૫, ૯૩૬૬૭૭૨૪૬૪, ૬૦૦૯૮૭૧૫૫૮, ૯૨૧૬૬૭૫૯૧૩ હોય જે ગ્રુપના એડમીન તેમજ મેનેજરના નંબર હોય તેવુ તેમને વોટસેપમાં મેસેજ દ્વારા વાત થયેલ હતી.

### ટેસ્લાના સીઈઓ એલન મસ્કના સમર્થન બાદ...

# યુનોની સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સદસ્યતા મળશે?ઃ અમેરિકાએ આપી પ્રતિક્રિયા

## યુએનએસસી સહિત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનોમાં સુધારાને અમારું સમર્થનઃ અમેરિકા

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૮ સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં ભારતને સ્થાયી સીટ મળે તે માટે ટેસ્લાના સીઈઓ એલન મસ્કે તાજેતરમાં સમર્થન આપ્યા બાદ આ મામલે હવે અમેરિકાએ પણ પ્રતિક્રિયા આપી છે. અમેરિકી વિદેશ વિભાગના મુખ્ય ઉપપ્રવકતા વેદાંત પરેલે બુધવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અમેરિકાએ સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી) સહિત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાનોમાં સુધારા માટે સમર્થનની રજુઆત કરી છે. ઉલ્લેખનીય છે કે જાન્યુઆરીમાં એલન મસ્કે ભારતને યુએનએસસીમાં સીટ ન મળવાની ઘટનાને વાહિયાત ગણાવી હતી.



વેદાંત પટેલે વધુમાં જણાવ્યું હતું કે અમે નિશ્ચિત રીતે સુરક્ષા પરિષદ સહિત સંયુક્ત રાષ્ટ્ર સંસ્થામાં સુધારાનું સમર્થન કરીએ છીએ. જેથી તેને ૨૧મી સદીની દુનિયા કે જેમાં આપણે રહીએ છીએ, તેમાં પ્રતિબિંબીત કરી શકાય, આ પગલા શું છે તેના બારામાં બતાવવા માટે અમારી પાસે ખાસ કોઈ જાણકારી નથી, પણ નિશ્ચિત રીતે અમે તેનો સ્વીકાર કરીએ છીએ. સુધારાની જરૂરિયાત છે.

ઉલ્લેખનીય છે કે ભારત લાંબા સમયથી વિકાસશીલ દુનિયાના હિતોનુ બહેતર પ્રતિનિધિત્વ કરવા પણ સુરક્ષા પરિષદમાં સ્થાયી સીટની માંગ કરી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સમુદાયના સમર્થનથી દેશની ખોજને ગતિ મળી છે. યુએનએસસીના પાંચ સ્થાયી સદસ્યોમાં ચીન, યુકે, ફ્રાન્સ, રશિયા અને અમેરિકા છે.

# રીક્ષામાં મુસાફરના સ્વાંગમાં ચીલઝડપ કરનાર રાજકોટ અને હાપાના ચાર શખ્સો ઝડપાયા






જામનગર તા.૧૮ઃ જામનગરમાં સીટી સી ડીવીઝન પોલીસ મથકના વિસ્તારમાં સોડા શોપના દુકાનદારના પત્નીની નજર ચુકવીને ખાનામાંથી રૂ.૩૦ હજારની ચોરી કરવાની અને રીક્ષામાં બેસાડીને મુસાફરની સોનાની કંઠી સેરવી લેવાની બે ફરિયાદની તપાસમાં પોલીસે હાપાના બે શખસો અને રાજકોટના બે શખસોને ઝડપી લઈને બંને કેસમાં ચાર આરોપીઓની ઉંડી પુછપરછ હાથ ધરી છે.

શહેરમાં સાંઢીયા પુલ પાસે આવેલા માધવબાગ-૧ સોસાયટીના કોપરસીટી કોમ્પ્લેકસમાં સોડાની દુકાન ધરાવતા ધંધાર્થી પોતાના પત્નીને કાઉન્ટર ઉપર બેસાડીને કોઈ કામે ગયા હતા. ત્યારે પાછળથી આવેલા બે યુવાનોએ ઠંડા પીણાનો ઓર્ડર આપતા યુવકના પત્ની સોડા બનાવવામાં પરોવાઈ ગયા હતા. બાદમાં યુવકો ચાલ્યા ગયા બાદ દુકાનના કાઉન્ટરના ખાનામાંથી રોકડા રૂ.૩૦ હજાર સાથેનું કાગળીયા સાથેનું પાકીટ ગુમ હોવાનું સામે આવતાં યુવકે સીટી સી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પી.આઈ. જે. વી. ચૌધરી અને સર્વેલન્સ સ્કવોડના માં સ્ટાફે સ્થાનિક સી.સી. કેમેરા ચેક કરીને તપાસ શરુ કરી હતી. ત્યારે ની સ્ટાફના હેડ કોન્સ્ટેબલ ફૈઝલભાઈ ચાવડા અને ઓમદેવસિંહ જાડેજા, હર્ષદભાઈ પરમારને મળેલી બાતમી ની ઉપરથી સાંઢીયા પુલ પાસે મામાદેવના મંદિર પાસે અવાવરૂ માં જગ્યામાં સ્ટાફે ત્રાટકીને માનસીંગ સુરજ બાવરી તથા શ્યામ સુલ્તાનભાઈ બાવરી નામના હાપા ખારી વિસ્તારના બે શખ્સોને પકડી પાડીને તેઓ પાસેથી રૂ. ૩૦ હજારની રકમ કબ્જે કરી હતી. આ જ રીતે ગોકુલનગર પાસેના રામનગરમાં પોલાભાઈ અસવાર નામના વૃધ્ધ ગત રવિવારે સાંજે સમર્પણ સર્કલથી પોતાના ગોકુનગરવાળા ઘરે આવવા એક રિક્ષામાં બેઠા હતા.ત્યારે રીક્ષામાં કોઈએ તેના ગળામાંથી ૩ તોલાની સોનાની કંઠી સેરવી લીધી હોવાની ફરિયાદ તેઓએ નોંધાવી હતી. જેની તપાસમાં રાજકોટના નવાગામમાં રહેતા રીક્ષા ડ્રાઈવર અરવિંદ ઉર્ફે કાનો કાંજીયા અને રાજકોટના કુબલીયા પરામાં રહેતા રવિ સોલંકી નામના બે શખસો રીક્ષા સાથે સ્ટાફે ઝડપી લીધા હતા. બંનેની પુછપરછ કરતા તેઓએ કંઠી તફડાવ્યાની કબુલાત આપી હતી. બાદમાં પોલીસે કંઠી અને રીક્ષા કબ્જે કરી હતી. બંને શખ્સો સામે. આ પ્રકારના હળવદ, વાંકાનેર, રાજકોટ, જુનાગઢ, શાપર-વેરાવળમાં આ પ્રકારના ગુના નોંધાયાનું પોલીસ તંત્ર જણાવે છે.

# ધ્રોલ નજીકથી બે કિલો ગાંજા સાથે બે ઝબ્બે

જામનગર તા.૧૮ઃ જામનગરની એસઓજી શાખાએ 'નો ડ્રગ્સ ઈન જામનગર' અભિયાન શરૂ કર્યું છે. જેના પગલે એસઓજીની ટુકડીએ જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પર ધ્રોલ નજીક વોચ ગોઠવી બે શખ્સોને બે કિલો જેટલા ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યાં હતાં અને ગાંજાનો જથ્થો કબ્જે કર્યો હતો.

જામનગરના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) શાખા દ્વારા 'નો ડ્રગ્સ ઈન જામનગર' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેના પગલે પીઆઈ બી.એન.ચૌધરીના માર્ગદર્શન અનુસાર નશીલા પદાર્થના વિક્રેતાઓ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. જેના અનુસંધાને ગઈકાલે મોડી રાત્રે જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પરથી બે શખ્સોને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યાં હતાં.

એસઓજીની ટુકડીને ચોક્કસ બાતમી મળી હતી કે, ધ્રોલમાં રહેતો શાહ નવાજ ઈબ્રાહીમભાઈ શાહમદાર તેમજ જામનગરમાં રહેતો જાવીદ હાજીભાઈ ચાવડા નામના બે શખ્સો રાજકોટ તરફથી ધ્રોલ-જામનગર તરફ આવી રહ્યાં છે. આ ચોક્કસ હકીકતના આધારે જામનગર જિલ્લાના ધ્રોલ નજીક એક ખાનગી હોટેલ પાસે મોડી રાત્રે વોચ ગોઠવી હતી.

બાતમીના આધારે આ બન્ને શખ્સોને ઝડપી લેવાયા હતાં અને તેમના કબ્જામાંથી પોલીસે બે કિલો જેટલા ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી એસઓજીની ટીમે રૂા.૨૦૦૦૦ ની કિંમતનો ગાંજો કબ્જે કરી કુલ રૂા.૩૦૭૦૦ ની માલમત્ત કબ્જે કરી હતી. પોલીસે બન્ને સામે એનડીપીએસ એક્ટ મુજબ ગુન્હો દાલખ કરી બન્ને પૂછપરછ કરવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## નુકશાન

(છેલ્લા પાનાનું ચાલું)

હશે.જે વૈશ્વીક સરેરાશ કરતા ત્રણ ટકા વધુ હશે.કાર્બન ઉત્સર્જનમાં આજથી કાપ મુકવાનું શરૂ થાય તો પણ અર્થતંત્રની અસરમાંથી બચી નહીં શકાય અને ૨૦૫૦ સુધીમાં વૈશ્વીક અર્થતંત્રમાં આવક ૧૯ ટકા ઘટવાનું નિશ્ચિત છે.

જર્મનીના પોટસડેમ ઈન્સ્ટીટયુટ ફોર કલાયમેટ ઈમ્પ્લેટ રીસર્ચનાં વૈજ્ઞાનિકો દ્વારા છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન દુનિયાભરના ૧૬૦૦ થી વધુ ક્ષેત્રોનાં જલવાયું પરિવર્તન સંલગ્ન આર્થિક અસરોનો અભ્યાસ કરીને આ સંશોધન રીપોર્ટ તૈયાર કર્યો છે. નેચરમાં પ્રકાશીત રીપોર્ટમાં એમ કહેવાયું છે કે ઉતરીય અમેરિકા, યુરોપ સહીત મોટાભાગનાં ક્ષેત્રોમાં આવકમાં મોટો ઘટાડો થવાનું અનુમાન છે. દક્ષિણ એશીયા તથા આફ્રિકા સૌથી વધુ પ્રભાવીત થશે. વૈશ્વીક વાર્ષિક નુકશાનનું અનુમાન ૨૦૫૦ સુધીમાં ૩૮ ખરબ ડોલરનું ગણાય છે. જેની સંભવીત રેન્જ ૧૯ થી ૫૯ ખરબ ડોલરની અંદાજાય છે.કાયમી ગરમ પ્રદેશોનાં દેશો સૌથી વધુ પ્રભાવીત થશે.

વૈજ્ઞાનિકોનાં કહેવા પ્રમાણે જલવાયું પરિવર્તનની આવતા ૨૫ વર્ષોમાં દુનિયાભરનાં તમામ દેશોમાં અસર થવાનું સુચવાય રહ્યું છે. જર્મની, ફ્રાંસ, અમેરિકા જેવા વિકસીત દેશો પણ તેમાંથી બચી નહીં શકે.આ માર રોકવા માટે બહુ મોટા પ્રયાસો કરવા પડે તેમ છે. ઉત્સર્જનમાં મોટો ઘટાડો કરવો પડશે. અન્યથા ૨૧૦૦ સુધીમાં વૈશ્વીક આર્થિક આવક નુકશાન ૬૦ ટકાએ પહોંચી જશે.

# સોલાર એનર્જીના ધંધાર્થીએ પીજીવીસીએલના જુનિયર ઈજનેરને ઓફિસમાં ઘુસી ધમકી આપી

જામનગર તા.૧૮ જામનગરમાં પીજીવીસીએલની ગોકુલનગર સબ ડિવીઝન ઓફીસમાં ફરજ બજાવતા જુનિયર એન્જીનિયરને કચેરીમાં જઈને જાનથી મારી નાંખવાની ધમકી આપવા અંગે સોલાર રૂફટોપની એજન્સી ચલાવતા એક શખસ સહિત ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

બે દિવસ પહેલા તા.૧૫ના રોજ બપોરે ૧ વાગ્યે ગોકુલનગરમાં આવેલી પીજીવીસીએલની કચેરીમાં ફરજ બજાવતા જુનિયર ઈજનેર વિરમભાઈ ખીમાભાઈ કારેણા સગર પાસે પીજીવીસીએલમાં ઓક્ષેન એનર્જી નામની સોલાર એજન્સી ધરાવતા ૧ બીપીનભાઈ સાવલીયાનો એક ગ્રાહક આવ્યો હતો. સોલાર રૂફટોપ બાબતે કામગીરીની પ્રગતિની પુછપરછ કરી હતી. જે માહિતી મેળવીને તે જતો રહ્યા બાદ ઓક્ષેનવાળા બીપીનભાઈ સાવલીયા અને અન્ય એક અજાણ્યો શખસ કચેરીમાં આવ્યા હતા અને બીપીનભાઈએ જુનિયર ઈજનેર વિરમભાઈને મારી એજન્સીને ઢીલી કેમ કીધી ? અને તું મારી એજન્સી વિષે ખરાબ કેમ બોલે છે ? તેમ કહીને અસભ્ય વર્તન કરીને ઉશ્કેરાઈને ગાળો દેવા લાગતા દેકારો બોલી જતાં સ્ટાફના લોકો એકઠા થઈ ગયા હતા. જે બાદ બંને જણાએ ત્યાંથી જતા જતા કહેતા ગયા. હતા કે તું બહાર નીકળજે તને મારી નાંખવો છે. આવી ધમકી આપતા ગયા હોવાની જુનિયર ઈજનેરે ઉપરી અધિકારીઓને જાણ કરીને તેઓ સાથે ચર્ચા કર્યા બાદ આજે તા.૧૭મી એપ્રિલે વિગતે પોલીસ ફરિયાદ નોંધાવતા સીટી- સી ડીવીઝન પોલીસે સોલાર એજન્સીવાળા અને એક અજાણ્યા શખસ સામે ગાળો આપી, ફરજમાં રુકાવટ ઉભી કરીને મારી નાંખવાની ધમકી આપવા અંગે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

# નશીલા પદાર્થ કેસમાં ફરાર આરોપી ગ્રેઈન માર્કેટ નજીકથી ઝડપાયો

જામનગર તા.૧૮ઃ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનના એનડીપીએસ એકટના ગુન્હામાં સંડોવાયેલના ફરારી આરોપીને દબોચી લેવામાં પોલીસને સફળતા સાંપડી છે. પોલીસે ગ્રેઈન માર્કેટ વિસ્તારમાંથી આરોપીને પકડી પાડી તેમની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. એનડીપીએસ એક્ટ હેઠળ ના ગુન્હામા આરોપી લાંબા સમયથી પોલીસને હાથ તાળી આપી ફરાર હતો.

જામનગરની એસ.ઓ.જી શાખા દ્વારા જામનગર જિલ્લાના નશીલા પદાર્થ ની પ્રવૃત્તિ ને ઝેર કરવા માટેની ચલાવાઈ રહેલી ઝુંબેશ ના અનુસંધાને તાજેતરમાં સિટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.જે ગુનામાં જામનગર ના ગ્રેઈન માર્કેટ પાસે રહેતા મહમદ મુસાભાઈ ને ફરારી જાહેર કરાયો હતો.

આ આરોપી ગઈકાલે ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં આવ્યો હોવાની બાતમીના આધારે મોહમ્મદ મુસાભાઈ કકલની અટકાયત કરી લીધી છે, અને તેની વધુ પૂછપરછ શરૂ કરી, આગળનો કબજો સીટી બી. ડિવિઝન પોલીસ મથક માં સોંપી દેવાયો છે.

# નગારે ઘાઃ પ્રથમ તબક્કામાં કાલે ૧૦૨ બેઠકો પર મતદાન

## ૨૧ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોની બેઠકો પર ૧૬૨૫ ઉમેદવારો વચ્ચે જંગઃ ગડકરી સહિત ૮ કેન્દ્રીય પ્રધાનો, બે પૂર્વ મુખ્યમંત્રી,એક પૂર્વ રાજયપાલ સહિત અનેક દિગ્ગજ નેતાઓના ભાવિ ઘડાશેઃ સર્વત્ર લોખંડી સુરક્ષા ગોઠવણ



નવી દિલ્હી તા.૧૮

દેશમાં સાત તબક્કામાં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કાની ૧૦૨ બેઠકો માટે આવતીકાલે મતદાન થશે. ૨૧ રાજયોની આ બેઠકોમાં મતદાન માટેની તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. ૧૬૨૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. સુરક્ષા સહીતની તમામ પ્રકારની જડબેસલાક વ્યવસ્થા કરવામાં આવી છે.

લોકસભાની પ્રથમ તબકકામાં ૨૧ રાજયોની ૧૦૨ બેઠકો પરના પ્રચાર પડઘમ ગઈસાંજે જ શાંત થઈ ગયા હતા. આવતીકાલે મતદાન પૂર્વે રાજકીય પક્ષો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર સાથે અંતિમ ઘડીની વ્યુહરચના તૈયાર કરવામાં આવી છે.પ્રથમ તબકકાની ૧૦૨ બેઠકોની ચૂંટણીમાં કુલ ૧૬૨૫ ઉમેદવારો મેદાનમાં છે. તેમાં આઠ કેન્દ્રીય પ્રધાનો બે પૂર્વ મુખ્યમંત્રી તથા એક પૂર્વ રાજયપાલ સામેલ છે.

આવતીકાલનાં મતદાનમાં સામેલ ૧૦૨ બેઠકોમાં તામીલનાડુની તમામ ૩૯ બેઠકોનો સમાવેશ થાય છે. આ સિવાય રાજસ્થાનમાં ૧૨, ઉત્તર પ્રદેશમાં ૮, ઉતરાખંડમાં તમામ પાંચ, અરૂણાચલ પ્રદેશની બે બિહારની ચાર, છતીસગઢની એક, આસામની ચાર, મધ્યપ્રદેશની ૬, મહારાષ્ટ્રની પાંચ, મણીપુરની બે, મેઘાલયની બે, મિઝોરમ-ત્રિપુરાની એક એક તથા પશ્ચિમ બંગાલની ત્રણ બેઠકોનો સમાવેશ થાય છે. કેન્દ્ર શાસીત પ્રદેશો જમ્મુ-કાશ્મીર, આંદામાન નિકોબાર, લક્ષદ્વિપ તથા પોંડીચેરીમાં એક એક બેઠકો પર પણ મતદાન થશે.

ભાજપ સહીતનાં રાજકીય પક્ષોનાં દિગ્ગજ સહીત કુલ ૧૬૨૫ ઉમેદવારોનાં ભાવીનો ફેંસલો કાલના મતદાનમાં થશે. જેમાં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતીન ગડકરી, સોનોવાલ, સંજીવ બાલીતાઉ, જીતેન્દ્રસિંહ, ભૂપેન્દ્ર યાદવ, અર્જુનરામ મેઘવાલ તથા એલા ગુરૂગનનો સમાવેશ થાય છે.

આ સિવાય ઉતરાખંડનાં પૂર્વ મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવત, હરીદ્વારથી ત્રીપુરાનાં પૂર્વ મુખ્યમંત્રી બિપ્લવદેવ પણ પશ્ચિમ ત્રીપુરાની બેઠક પરથી ચૂંટણી મેદાનમાં છે. તમીલનાડુનાં ભાજપ પ્રમુખ અન્નામલાઈ, પૂર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમ, પુત્ર કાર્તિ ચિદમ્બર, પૂર્વ રાજયપાલ તમિલીઆઈ જેવા દિગ્ગજોની બેઠકો પર પણ કાલે મતદાન યોજાવાનું છે.

### ૪થા તબકકાની ૯૬ બેઠકો માટે ચૂંટણી જાહેરનામું

આવતીકાલે પ્રથમ તબકકાની ૧૦૨ બેઠકો પર મતદાન થવાનું છે. તે પૂર્વે આજે ચોથા તબકકાનું ચૂંટણી જાહેરનામું જારી કરવામાં આવ્યું હતું. લોકસભા ચૂંટણીનાં ચોથા તબકકામાં ૧૩ મેના રોજ મતદાન યોજાશે. તેમાં આંધ્રપ્રદેશ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડીશા, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ તથા જમ્મુ-કાશ્મીર જેવા ૧૦ રાજયોની ૯૬ બેઠકોનો સમાવેશ થશે.

પ્રથમ તબકકાના ચૂંટણી પ્રચારમાં તમામ રાજકીય પક્ષોનાં રાષ્ટ્રીય-સીનીયર નેતાઓએ પ્રચારમાં ઝંપલાવ્યુ હતું. નરેન્દ્ર મોદી, અમીત શાહ, જે.પી.નડ્ડા, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, મલ્લીકાર્જુન ખડગે સહીતનાં નેતાઓએ અંતિમ દિવસોમાં તમામ તાકાત કામે લગાવી હતી.

લોકસભા ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને માટે અર્ધ લશ્કરી દળોથી માંડીને વિવિધ સુરક્ષા એજન્સીઓનાં હજારો જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળ, છતીસગઢ, સહીતની સંવેદનશીલ બેઠકોમાં વધારાની સુરક્ષા ગોઠવણો કરવામાં આવી છે. ચૂંટણી મતદાન શાંતિપૂર્વક અને ન્યાયીક રીતે થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા છેલ્લી ઘડીની સમીક્ષા કરવામાં આવી હતી.

# મોદી શાસનમાં EDના દરોડા, ધરપકડમાં અનેક ગણો વધારો : રૂ૧.૨૧ લાખ કરોડની સંપત્તિ જપ્ત

અમદાવાદ, તા ૧૮

લોન્ડરિંગ એક્ટ (PMLA) ૨૦૦૨માં ઘડવામાં હતો અને તેનો અમલ પહેલી જુલાઈ ૨૦૦૫થી થયો હતો.કેન્દ્રમાં ૨૦૧૪માં મોદી સરકાર બન્યાં બાદ છેલ્લાં ૧૦ વર્ષમાં મની લોન્ડરિંગ કાયદા હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની સર્ચ કાર્યવાહીમાં ૮૬ ગણો તથા ધરપકડ અને સંપત્તિની જપ્તીમાં આશરે ૨૫ ગણો ઉછાળો આવ્યો છે.

જુલાઈ ૨૦૦૫થી માર્ચ ૨૦૧૪ તથા એપ્રિલ ૨૦૧૪થી માર્ચ ૨૦૨૪ વચ્ચેના ડેટાના વિશ્લેષણમાં આ માહિતી બહાર આવી હતી. પ્રિવેન્શન ઓફ મની કાયદા હેઠળ સજા થઈ છે.



EDએ છેલ્લા દસ વર્ષમાં આશરે ૫,૧૫૫ પીએમએલએ કેસ દાખલ કર્યા હતા. આની સામે ૨૦૦૫થી ૨૦૧૪ દરમિયાન ૧,૭૯૭ કેસ દાખલ થયાં હતાં. આમ આ સમયગાળામાં ઈડીના કેસોમાં આશરે ત્રણ ગણો ઉછાળો આવ્યો છે. ઇડી ૨૦૧૪માં પ્રથમ વખ્ય આરોપોને કોર્ટમાં સાબિત કર્યા હતાં અને અત્યાર સુધી ૬૩ આરોપીઓને મની લોન્ડરિંગ કાયદા હેઠળ સજા થઈ છે. EDએ ૨૦૧૪-૨૦૨૪ના સમયગાળા દરમિયાન દેશભરમાં મની લોન્ડરિંગના કેસોમાં ૭,૨૬૪ સર્ચ કાર્યવાહી કરી દરોડા પાડ્યા હતા, જે અગાઉના સમયગાળામાં માત્ર ૮૪ હતાં. દરોડાની સંખ્યામાં પણ ૮૬ ગણો વધારો થયો છે.ઈડીએ છેલ્લાં દાયકામાં અનેક લોકોની ધરપકડ કરી છે અને ૧,૨૧,૬૧૮ કરોડની કુલ સંપત્તિ કરી છે. કોંગ્રેસના શાસન હેઠળના સમયગાળામાં વ્યક્તિની ધરપકડ થઈ તેની સરખામણીમાં હાલ સંખ્યા વધુ છે. જેમાં કુલ રૂ.૫,૦૮૬.૪૩ કરોડની સંપત્તિ જપ્ત હતી. છેલ્લાં દાયકામાં ધરપકડોમાં ૨૬ ગણો અને સંપત્તિની જપ્તીમાં પણ ઉછાળો આવ્યો છે. એજન્સીએ છેલ્લા એક દાયકા દરમિયાન વિવિધ પ્રકારની સ્થાવર અને જંગમ સંપત્તિ માટે ૧,૯૭૧ અથવા કામચલાઉ જપ્તી આદેશો જારી કર્યા હતાં. ખાસ બાબત એ છે કે છેલ્લાં એક દાયકામાં રજૂ કરેલા ૭૫૫ માં આશરે ૮૪ ટકા આદેશોને PMLA કોર્ટે યોગ્ય ઠેરવ્યાં હતા. અગાઉના સમયગાળામાં આ પ્રમાણ ૬૮ ટકા હતું.

# લાયસન્સ રાજમાંથી મનમોહનસિંહ-રાવ સરકારે મુક્તિ અપાવી હતીઃ કેન્દ્રએ કોર્ટમાં વખાણ કર્યા

ન્યુ દિલ્હી :

કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં પૂર્વ પીએમ નરસિમ્હા રાવ અને તેમના તત્કાલીન નાણામંત્રી મનમોહન સિંહની પ્રશંસા કરી હતી. તેમણે ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણની શરૂઆત કરવા બદલ રાવ અને સિંહની પ્રશંસા કરી હતી. સરકારે કોર્ટમાં કહ્યું કે આ પગલાથી લાઇસન્સ રાજના યુગનો અસરકારક રીતે અંત આવ્યો.

નવ ન્યાયાધીશોની બેન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની નવ જજની બેંચને માહિતી આપી હતી કે રાવ અને સિંઘ દ્વારા રજૂ કરવામાં આવેલા આર્થિક સુધારાઓએ કંપની લો અને ટ્રેડ પ્રેક્ટિસ એક્ટ એમઆરટીપી સહિત અનેક કાયદાઓને ઉદાર બનાવ્યા છે. જો કે, તેમણે એ પણ હાઈલાઇટ કર્યું હતું કે આગામી ત્રણ દાયકાઓમાં અનુગામી સરકારોએ ઇન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૧૯૫૧માં સુધારો કરવાની જરૂરિયાત સમજી ન હતી.



તુષાર મહેતા બેન્ચના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. બેન્ચે IDRA-૧૯૫૧ની ટીકા કરી, તેને પ્રાચીન અને 'લાયસન્સ રાજ' યુગ ગણાવ્યો. આના પર, મહેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આર્થિક સુધારાઓ દ્વારા લાવવામાં આવેલા પરિવર્તનના પવનો છતાં, IDRA અલગ રહ્યું, જેથી વિવિધ ઉદ્યોગો પર કેન્દ્રનું નિયંત્રણ જાળવી રાખ્યું. જો કે, સમય જતાં, કેન્દ્ર સરકારે તેમાંથી મોટા ભાગનું નિયમન કરવાનું બંધ કરી દીધું. પરંતુ કેન્દ્ર દ્વારા ઉદ્યોગો પરનું નિયંત્રણ છોડવાનો અર્થ એ નથી કે તેની પાસે તેનું નિયમન કરવાની સત્તા નથી, એમ તેમણે જણાવ્યું હતું.

**ત્રણ પરિવર્તનકારી આર્થિક સુધારાઓ રજૂ કર્યાઃ**

૧૯૯૧માં વિદેશી હૂંડિયામણ અનામતની કટોકટીનો સામનો કરીને, નરસિમ્હા રાવની આગેવાની હેઠળની સરકારે ત્રણ પરિવર્તનકારી આર્થિક સુધારા રજૂ કર્યા, જે નીચે મુજબ છે.

૧.વૈશ્વિકરણ, ૨.ઉદારીકરણ, ૩.ખાનગીકરણ

## સતત હાઈ સ્કોરિંગ મેચ બાદ લો સ્કોર મેચ થયો

# ગુજરાતનો ધબડકો, ૮૯ રનમાં ઓલ આઉટ : દિલ્હીએ માત્ર ૮.૫ ઓવરમાં ટાર્ગેટ હાંસલ કર્યો







અમદાવાદ :

દિલ્હી કેપિટલ્સ (DC) એ ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૪માં તેમની ત્રીજી જીત હાંસલ કરી છે. ટીમે બુધવારે સિઝનની ૩૨મી મેચમાં ગુજરાત ટાઇટન્સ (GT)ને તેના હોમ ગ્રાઉન્ડ પર ૬ વિકેટે હરાવ્યું હતું. અમદાવાદમાં દિલ્હીએ ૯૦ રનના ટાર્ગેટનો પીછો માત્ર ૮.૫ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને કરી લીધો હતો. આ પહેલા ગુજરાત ટાઇટન્સ ૧૭.૩ ઓવરમાં ૮૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટાઇટન્સે લીગમાં તેમનો સૌથી ઓછો સ્કોર પોસ્ટ કર્યો. ગત વર્ષની શરૂઆતમાં ટીમ દિલ્હી સામે ૧૨૫ રન સુધી મર્યાદિત રહી હતી. કેપ્ટન ઋષભ પંત પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૧૧ બોલમાં ૧૬ અણનમ રન બનાવ્યા હતા. બે કેચ પણ લીધા અને બે સ્ટમ્પ પણ બનાવ્યા.

**ખેલાડીઓનું પ્રદર્શનઃ રાશિદે સૌથી વધુ ૩૧ રન બનાવ્યા, મુકેશને ૩ વિકેટ મળી :**

ગુજરાત ટાઇટન્સના રાશિદ ખાને ૩૧ રન બનાવ્યા, અન્ય કોઈ બેટ્સમેન ૧૫ રનનો આંક પણ પાર કરી શક્યા નહીં. સાઈ સુદર્શને ૧૨ અને રાહુલ તેવટિયાએ ૧૦ રન બનાવ્યા હતા. ડીસી તરફથી મુકેશ કુમારે ૩, ઈશાંત શર્મા અને ટ્રિસ્ટન સ્ટબ્સે ૨-૨ વિકેટ લીધી હતી. અક્ષર પટેલ અને ખલીલ અહેમદને ૧-૧ વિકેટ મળી હતી, જ્યારે એક બેટ્સમેન પણ રનઆઉટ થયો હતો.

જવાબી ઈનિંગ્સમાં દિલ્હીના ઓપનર જેક ફ્રેઝર-મેગાર્કે ૧૦ બોલમાં ૨૦ રન, શાઈ હોપે ૧૦ બોલમાં ૧૯ રન અને કેપ્ટન રિષભ પંતે ૧૧ બોલમાં ૧૬ અણનમ રન બનાવ્યા હતા. સંદીપને બે વિકેટ મળી હતી.

**ગુજરાત પોતાની જ જાળમાં ફસાયું :** ગુજરાતને તેના હોમ ગ્રાઉન્ડ પર કાળી માટીની પીચ બનાવવામાં આવી હતી, પરંતુ દિલ્હી ટોસ જીતીને બોલિંગ કરવાને કારણે ટીમ પોતાની જ જાળમાં ફસાઈ ગઈ હતી. દિલ્હીના ઝડપી બોલરોને શરૂઆતની ઓવરોમાં મદદ મળી અને ગુજરાતે પાવરપ્લેમાં ૩૦ રનમાં ટોપ-૪ વિકેટ ગુમાવી દીધી.

**પોઈન્ટ ટેબલઃ ડીસી નવમા સ્થાનેથી છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે**

આ જીત બાદ દિલ્હીની ટીમ પોઈન્ટ ટેબલમાં નવમાથી છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. રિષભ પંતની ટીમને ત્રણ સ્થાનનો ફાયદો થયો છે. દિલ્હીએ ૭માંથી ૩ મેચ જીતીને ૬ પોઈન્ટ મેળવ્યા છે. ટીમને ૪ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. બીજી તરફ, ગુજરાત ટેબલમાં ૭મા નંબરે આવી ગયું છે. ગુજરાતે પણ ૭માંથી ૩ મેચ જીતી છે, જ્યારે ચાર મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.



# મેગા સ્ટાર અમિતાભ બચ્ચનને લતા મંગેશકર એવોર્ડથી સન્માનિત કરાશે

## દંતકથા સમાન ગાયિકા લતા મંગેશકરના પિતા અને દિગ્ગજ કલાકાર દીનાનાથ મંગેશકરની યાદમાં આ એવોર્ડ સમાજમાં વિશિષ્ટ પ્રદાન કરનારને અપાય છે

મુંબઈ,તા.૧૭

સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. મંગેશકર પરિવારે ખુદ આ અંગે મંગળવારે જણાવ્યું હતું.બિગ બીને આ સન્માન ૨૪ એપ્રિલે લતા મંગેશકરના પિતા અને સંગીતના દિગ્ગજ દિનાનાથ મંગેશકરના સ્મૃતિ દિવસે આપવામાં આવશે.પરિવાર અને ટ્રસ્ટે લતા મંગેશકરના નિધન બાદ તેમની યાદમાં આ એવોર્ડની શરૂઆત કરી હતી. મહત્ત્વનું છે કે, આ એવોર્ડ એવા મહાનુભાવોને આપવામાં આવે છે જેમણે સમાજ માટે અગ્રણી યોગદાન આપ્યું હોય. સૌથી પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પછી ૨૦૨૩માં આ એવોર્ડ લતા મંગેશકરની બહેન આશા ભોંસલેને આપવામાં આવ્યો. હવે બિગ બીને પણ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે. બોલિવૂડના બાદશાહ અમિતાભ બચ્ચને તેમની ફિલ્મી કારકિર્દીમાં બોલિવૂડને અઢળક હિટ ફિલ્મો આપી છે. બિગ બીને ઇન્ડસ્ટ્રીમાં લગભગ પાંચ દાયકા પૂરા થયા છે. ૧૯૬૯માં તેમણે ફિલ્મ સાત હિન્દુસ્તાથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તેમણે ઝંઝીર, શોલે, અમર અકબર એન્થોની, ડોન જેવી કેટલીક બ્લોકબાસ્ટર મૂવી કરી. બિગ બીએ પોતાની અથાગ મહેનત અને પરિશ્રમના બળે આજે એવી ઊંચાઈએ પહોંચ્યા છે જેના કલ્પના પણ ન કરી શકાય. કદાચ એટલે જ અમિતાભને સદીના મહાનાયક પણ કહેવામાં આવે છે. સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને પણ તેમના કામ માટે ઘણા પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં બિગ બીના એવોર્ડની યાદીમાં ટૂંક સમયમાં વધુ એક નામ જોડાવા જઈ રહ્યું છે.

## ભારતના IPS અધિકારી પર બનેલી ફિલ્મ હવે ચીની પ્રેરણા લેશે

# ૧૨વી ફેઈલ ચીનના ૨૦,૦૦૦ થીયેટર સ્ક્રિનમાં રિલીઝ થશે

## અગાઉ રિલીઝ થનાર બોલીવુડ ફિલ્મો જેવી આવક મેળવવામાં સફળતા મળશે?

મુંબઈ : ઓછા બજેટમાં બનેલી ફિલ્મ ૧૨મી ફેલના દેશભરમાં વખાણ થઈ રહ્યા છે. અભિનેતા વિક્રાંતની સાથે મેધા શંકરનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મને ચીનમાં રિલીઝ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. એક ઈવેન્ટ દરમિયાન વિક્રાંત મેસ્સીએ જણાવ્યું હતું કે, ચીનમાં હિન્દી ફિલ્મોની પુષ્કળ માંગ રહેતી હોય છે. ચીનના ઓડિયન્સને હિન્દી ફિલ્મો ગમે છે. તેથી '૧૨વીં ફેલ'ને ચીનમાં ૨૦,૦૦૦ સ્ક્રિનમાં રિલીઝ કરવામાં આવશે.




વિક્રાંત મેસ્સીએ પોતાની ફિલ્મને મોટા પાયે ચીનમાં રિલીઝ કરવાના આયોજન સંદર્ભે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. અગાઉ આમિર ખાનની ફિલ્મો દંગલ, સીક્રેટ સુપરસ્ટાર અને પીકે ચીનમાં રિલીઝ થઈ હતી અને આ તમામ ફિલ્મો સારો બિઝનેસ કર્યો હતો. રિપોર્ટ્સ મુજબ, દંગલને ૧૯૬,૮૯ મિલિયન ડોલર, સીક્રેટ સુપર સ્ટારને ૧૧૮.૨૪ મિલિયન ડોલર અને પીકેને ૧૧૬.૬ મિલિયન ડોલરની આવક થઈ હતી. વિધુ વિનોદ ચોપરાએ બનાવેલી ૧૨વીં ફેલ'ને ઓડિયન્સ અને ક્રિટિક્સ તરફથી ભરપૂર વખાણ મળી રહ્યા છે. આ ફિલ્મની રિલીઝને ૨૫ અઠવાડિયા પૂરા થઈ રહ્યા છે ત્યારે તેને ચીનમાં મોટા પાયે રિલીઝ કરવાનું આયોજન છે. આમિર ખાનની ફિલ્મો જેવી મોટી સફળતા મેળવવામાં આ લો બજેટ ફિલ્મ સફળ રહે છે કે નહીં તેના પર સૌની નજર છે.

# ભારતની વસ્તી ૧૪૪ કરોડ છે, ૬૭% ૨૪ વર્ષથી ઓછી ઉંમરના; સરકારી આરોગ્ય સેવાઓમાં સુધારાને કારણે માતાઓના મૃત્યુદરમાં ઘટાડો થયો છે

## દેશમાં પુરૂષોનું સરેરાશ આયુ ૭૧ વર્ષ અને મહિલાઓનું ૭૪ વર્ષ

નવી દિલ્હી, તા. ૧૭

ભારતની વસ્તી ૧૪૪ કરોડ એ પહોંચી ગઇ છે અને તેમાં ૬૭ ટકા વસ્તી ૦ થી ૨૪ વર્ષના વયના લોકોની છે. ધ યુનાઈટેડ નેશન પોપ્યુલેશન ફંડ દ્વારા ૨૦૨૪ના રીપોર્ટમાં જણાવાયું છે કે ભારતની વસ્તી વિશ્વમાં સૌથી પ્રથમ ક્રમે એટલે કે ૧૪૪ કરોડ થઇ ગઇ છે. અને છેલ્લા ૭૭ વર્ષમાં તે ડબલ થઇ છે. એટલું જ નહીં ચાઇનાની વસ્તી ૧૪૨ કરોડની નોંધાઇ છે. છેલ્લે ભારતે જયારે વસ્તી ગણતરી કરી તે સમયે ૨૦૧૧માં દેશની વસ્તી ૧૨૧ કરોડ નોંધાઇ હતી.



### ૬૫ વર્ષથી વધુ ઉંમરના માત્ર ૭% લોકો

દેશની માત્ર ૭ ટકા વસ્તી ૬૫ વર્ષ કે તેથી વધુ વયની છે. દેશમાં પુરૂષોનું આયુષ્ય વધીને ૭૧ વર્ષ અને સ્ત્રીઓનું આયુષ્ય ૭૪ વર્ષ થયું છે. ૭૭ વર્ષ પછી ૨૧૦૧ સુધીમાં ભારતની વસ્તી બમણી થઈ જશે. રિપોર્ટ અનુસાર, ભારતમાં વસ્તી વધવા પાછળનું કારણ સરકારી આરોગ્ય સેવાઓમાં સુધારો અને આયુષ્યમાં વધારો છે. રિપોર્ટમાં સગર્ભા મહિલાઓ અને માતાઓને પૌષ્ટિક આહાર આપવા માટે ચલાવવામાં આવી રહેલી યોજનાઓની પણ પ્રશંસા કરવામાં આવી છે. એવું પણ જાણવા મળ્યું છે કે ભારતમાં બાળ લગ્નનો દર ૨૦૦૬-૨૦૨૩ સુધીમાં ૨૩ ટકા રહ્યો છે, જે ચિંતાજનક છે.

ભારતની વસ્તીમાં યુવાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ૦ થી ૨૪ વર્ષની વયના લોકોની સંખ્યા ૬૭ ટકા છે જયારે ૧૦ થી ૧૯ વર્ષની સંખ્યા ૧૭ ટકા છે જયારે ૧૦ થી ૨૪ વર્ષના લોકોની સંખ્યા ૨૬ ટકા છે અને ૧૫ થી ૬૪ વર્ષના લોકોની સંખ્યા ૬૮ ટકા જયારે ૭ ટકા ભારતીયોએ ૬૫ વર્ષની ઉંમર વટાવી દીધી છે. ભારતમાં સરેરાશ હવે પુરૂષો ૭૧ વર્ષ અને મહિલાઓ ૭૪ વર્ષ જીવે છે. ભારતમાં જોકે બાળલગ્નનું પ્રમાણ હજુ વધુ છે અને ૨૦૨૩માં તે ૨૩ ટકા જેવું નોંધાયુ હતું. ભારતમાં સૌથી વધુ જન્મ અરૂણાચલ પ્રદેશના તીરપ્પમાં ૧ લાખની વસ્તીએ ૧૬૭૧ જન્મ નોંધાયા હતા.

## લોકસભા ચૂંટણી ૨૦૨૪ઃ વડાપ્રધાનનો એનડીએના ઉમેદવારને પત્ર

# આ ચૂંટણી આપણા વર્તમાનને ઉજજવળ ભવિષ્ય સાથે જોડવાનો અવસર છેઃ મોદી

## છેલ્લા ૧૦ વર્ષમાં દરેક વર્ગના જીવનની ગુણવતામાં સુધારો થયો છે, તેમ છતાં હજુ ઘણુ કરવાનું બાકી છેઃ પીએમ

નવી દિલ્હી તા.૧૮

લોકસભા ચૂંટણી ૨૦૨૪નું પ્રથમ ચરણનું ૨૧ રાજયોનું ૧૦૨ બેઠક પરનું મતદાન આવતીકાલ ૧૯ એપ્રિલથી શરૂ થઈ રહ્યું છે ત્યારે વડાપ્રધાન એનડીએના ઉમેદવારોને પત્ર લખ્યો છે અને તેમાં સંદેશ આપ્યો છે કે આ ચૂંટણી આપણા વર્તમાનને ઉજજવલ ભવિષ્ય સાથે જોડવાનો એક અવસર છે. વડાપ્રધાને પોતાના સંદેશમાં લખ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં સમાજના દરેક વર્ગના જીવનની ગુણવતામાં સુધારો થયો છે, તેથી અનેક પરેશાનીઓ દુર થઈ છે પણ હજુ ઘણું કરવાનું બાકી છે. આ પરીસ્થિતિમાં આપણા મિશન માટે આ ચૂંટણી નિર્ણાયક રહેશે. આખા ભારતમાં પરિવાર, ખાસ કરીને વરિષ્ઠ સદસ્ય, કોંગ્રેસના શાસનના પાંચ-છ દાયકા દરમિયાન મુશ્કેલીઓમાંથી પસાર થયા છે, તે તેમની યાદ હશે. આ ચૂંટણી આપણા વર્તમાનને ઉજજવળ ભવિષ્ય સાથે જોડવાનો એક અવસર છે. ભાજપને મળનાર પ્રત્યેક વોટ એક સ્થિર સરકાર બનાવવાની દિશામાં લઈ જશે અને ૨૦૪૭ સુધીમાં એક વિકસીત રાષ્ટ્ર બનવાની આપણી યાત્રાને ગતિ આપશે.



વડાપ્રધાને પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે ગરમીથી સૌ કોઈને પરેશાની થાય છે પણ આ ચૂંટણી આપણા દેશના ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એટલે હું મતદાતાઓને વિનંતી કરું છું કે તેઓ ગરમી શરૂ થાય તે પહેલા વહેલી સવારે જલદી મતદાન કરે.

વડાપ્રધાન મોદીએ ઉમેદવારોને કહ્યું છે કે તેઓ દરેક મતદાતાઓને એ આશ્વાસન આપે કે તેમના સમયની દરેક ક્ષણ નાગરિકોના કલ્યાણ માટે સમર્પિત છે.

વડાપ્રધાન મોદીએ એનડીએના ચુંટણી લડી રહેલા બધા ઉમેદવારોને વ્યક્તિગત લખેલા પત્રમાં પોતપોતાના ચુંટણી ક્ષેત્રોમાં મતદાતાઓ સુધી તેમનો સંદેશ પહોંચાડવાનું કહ્યું છે.

ભાજપના સૂત્રોએ મોદીના બે પત્રોને શેર કર્યા છે તેમાં એક પત્ર ભાજપના તામિલનાડુ એકમના અધ્યક્ષ અને કોઈમ્બતુર સીટથી ચુંટણી લડતા ઉમેદવાર કે. અન્નામલાઈને અંગ્રેજીમાં લખ્યો છે અને બીજો પત્ર હિન્દીમાં ભાજપના મુખ્ય પ્રવકતા અનિલ બલૂનીએ લખ્યો છે, જે ઉતરાખંડના પૌડી ગઢવાલથી ચુંટણી લડી રહ્યા છે.

### સૌરાષ્ટ્રમાં ઓરેન્જ અને કચ્છમાં યેલો એલર્ટ જાહેર

# રાજયમાં ૧૫ શહેરોમાં ૪૦ થી ૪૪ ડિગ્રી તાપમાન : અમરેલી-રાજકોટ હોટેસ્ટ

## હજુ આજે પણ કાળઝાળ ગરમીનો પ્રકોપ રહેશે : સવારથી જ અનેક સ્થળે ૩૨ ડિગ્રી ઉપર તાપમાનથી ગરમીનો અનુભવ

રાજકોટ, તા. ૧૮

હિટવેવની અસર હેઠળ ગઇકાલે અમરેલી, રાજકોટ, જુનાગઢ, સુરેન્દ્રનગર સહિતનાં સ્થળો અગનભઠ્ઠી સમાન બની ગયા હતા અને ગઇકાલે રાજકોટ સહિત અનેક સ્થળોએ ચાલુ સિઝનનું સૌથી ઉંચુ તાપમાન ૪૩ થી ૪૪ ડિગ્રી નોંધાતા લોકો દાઝી ગયા હતા. જયારે આજે પણ સવારથી જ રાજકોટ સહિત રાજયભરમાં ૩૨ ડિગ્રી ઉપર તાપમાનથી આકરી ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો.

દરમ્યાન અમરેલી ખાતે ગઈકાલે રામનવમી પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી હતી. તેવા જ સમયે સવારનાં ૯ કલાકથી તાપમાનનો પારો આસમાને પહોંચી રહ્યો હતો.

અમરેલીમાં છેલ્લા ૩ દિવસથી ભિષણ ગરમી પડતી જોવા મળી રહી છે. શહેરીજનો માટે સવારથી સાંજ સુધી ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે અને એપ્રિલનાં મધ્યમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચ્યો હોય આગામી દિવસોમાં તાપમાન ૪૫ ડીગ્રી સુધી પહોંચે તો નવાઈ જોવું નહી રહે.

અમરેલી શહેરના લોકો ગરમીથી બચવા માટે થઈ સવારમાં પોતાના કામ આટોપી લઈ અને પોતાના ઘરમાં પુરાઈ જતા હોય અમરેલી ગઈકાલે બપોરના સમયેઅમરેલી શહેરના રાજમાર્ગો ભારે ગરમીના કારણે સુમસામ ભાસી રહયા હતા.

સોરઠમાં છેલ્લા ચાર દિવસથી ઉનાળાની સીઝનએ રફતાર પકડી લેતા ગઇકાલે બુધવાર સીઝનનો સૌથી વધુ ૪૨ ડિગ્રીને પાર ગરમીનો પારો પાર થઇ જતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. ગરમ પવન સાથે લુના કારણે ત્રાહીમામ પોકારી ગયા છે. આજે પણ ગરમીનો પ્રકોપ રહેવાની હવમાન ખાતાએ આગાહી કરવામાં આવી છે.

રાત્રીના તાપમાન ઘટીને ૨૯.૨ ડિગ્રીને નોંધાયુ હતું. ભેજ ઘટીને ૫૭ ટકાએ રહ્યો હતો.

ભારે બફારા વચ્ચે ગરમીએ માઝા મુકી દેતા ગરમીએ હીટ પકડી લેતા ૪૨ ડિગ્રી ઉપર પારો ઉંચો ચડી જતા આકાશમાંથી અગનના ગોળા માફક ગરમી વરસી રહી છે. હજુ પણ ગરમીનો પારો ઉંચકાઇને ૪૪ ડિગ્રીએ પહોંચી જશે તેવી શકયતા હવામાન વિભાગે દર્શાવી છે.





ગોહિલવાડ પંથકમાં તીવ્ર ગરમીનું મોજુ પ્રસરી રહ્યું છે. તંત્ર દ્વારા ભાવનગરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવેલ છે.

ભાવનગર શહેર અને જિલ્લામાં ગરમી નો પારો વધીને ૪૧.૭ ડિગ્રીએ લોકો આકરા તાપમાનમાં શેકાયા હતા. ચાર દિવસમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન છ ડિગ્રી ઊંચકાયું છે.

ગોહિલવાડ પંથકમાં ઉનાળો આકરો બની રહ્યો છે. વધુ બે ડિગ્રી મહત્તમ તાપમાન વધતા ગરમી નો પારો ૪૧.૭ ડિગ્રી ને આંબી જતા લોકો તોબા પોકારી ગયા હતા. આજે સિઝનનું સર્વોત્તમ મહત્તમ તાપમાન ભાવનગરમાં નોંધાયું છે.

બુધવારે ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૭ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુતમ તાપમાન ૨૭.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૨૭% રહ્યું હતું જ્યારે પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

તેમજ જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાનમા ૩ ડિગ્રીના વધારા સાથે તાપમાન ૪૦ ડિગ્રી પહોંચી ગયું હતું. શહેરમાં ઉનાળાની સીઝનમાં ૪૦ ડિગ્રી થતા શહેરીજનો સવારથી ગરમી અનુભવી હતી. ગઈકાલ સાંજથી પવનની ગતિ ધીમી પડતા ભારે લુ વરસી હતી. શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૨૯ ટકા ઘટીને ૬૬ ટકા નોંધાયું હતું.

જામનગરમાં અન્ય શહેરની માફક મહતમ તાપમાન ૪૦ ડિગ્રી થતા હિટવેવને હળવાશથી લેવાની જરૂર નથી. આરોગ્ય વિભાગે પણ હિટવેવને ધ્યાને રાખીને માર્ગદર્શિકા જાહેર કરી છે. શહેરીજનોએ ધોમધખતા તાપથી બચવા ચશમાં અને ટોપી ઉપયોગ વધારી દેતા વેચાણમાં વધારો થયો છે. એટલું જ નહીં બપોરે આકરા સૂર્યતાપથી બપોરે લોકોએ કામ વગર બહાર નીકળવાનું ટાળ્યું હતું.જેનાથી બજારો સુમસામ રહે છે.

વેસ્ટ્ટન ડિસ્ટર્બનસની અસરના કારણે જામનગરમાં પ્રથમવાર. ગરમીનો પારો ૪૦ ડિગ્રી નોંધાયો હતો. લઘુતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું.શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા પહોંચ્યું હતુ જ્યારે પવનની ગતિ ૭.૬ પ્રતિકલાક કિમિ નોંધાઇ હતી.

ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં ગરમીનું ઓરેન્જ અલર્ટ છે. તેમજ પોરબંદર, જુનાગઢ અને ભાવનગરમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

કચ્છમાં ગરમીનું યેલો અલર્ટ છે. તેમજ અમદાવાદ ૪૨.૨ ડિગ્રી,ગાંધીનગર ૪૦.૪ ડિગ્રી, રાજકોટ ૪૩.૮ ડિગ્રી , વડોદરા ૪૩.૬ ડિગ્રી તથા સુરેન્દ્રનગર ૪૩.૪ ડિગ્રી, મહુવા ૪૩.૪ ડિગ્રી તેમજ કેશોદ ૪૨.૭ ડિગ્રી, કંડલા ૪૨.૨ ડિગ્રી તથા સુરત ૪૨.૧ ડિગ્રી, ભાવનગર ૪૧.૭ ડિગ્રી તાપમાન છે. તેમજ ભુજ ૪૧.૬ ડિગ્રી તથા ડીસા ૪૦.૭ ડિગ્રી તાપમાન રહેતા લોકો ગરમીથી શેકાયા હતા.

રાજ્યભરમાં હીટવેવની સ્થિતિ જોવા મળી રહી છે. જેમાં ગુજરાતના ત્રણ જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તથા કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક માટે સૌરાષ્ટ્રના ત્રણ જિલ્લામાં એટલે કે ભાવનગર, જૂનાગઢ અને પોરબંદરમાં હિટવેવની આગાહી કરી છે.





## ભાણવડના ગ્રામ્ય વિસ્તારોમાં એક જ દિવસમાં બે મગર કરાયા રેસ્કયુ

(કુંજન રાડીયા)

જામ ખંભાળિયા, તા.૧૮

ભાણવડના નવાગામ ખાતે નદીની નજીક ગામ વિસ્તારમાં અને ઝારેરા ગામે એક ખેડૂતની વાડીમાં ગત મોડી રાત્રે મગરે દેખા દેતા આ બંને સ્થળેથી ભાણવડના વન વિભાગ અને એનિમલ લવર્સ ગૃપને જાણ કરાઇ હતી.

આ અંગેની જાણ થતાં વન વિભાગના ફોરેસ્ટર ખીમભાઈ ચાવડા , રામદેભાઈ કોટા અને એનિમલ લવર્સના અશોકભાઈ ભટ્ટ, હુસેનભાઈ ભટ્ટી તુરંત આ બંને જગ્યાએ દોડી ગયા હતા અને લાંબી જહેમત બાદ મગરને રેસ્કયુ કરી, નજીકના બરડા ડુંગરના પ્રાકૃતિક આવાસમાં મુકત કરાયા હતા.

આ સ્થળ પર હાજર લોકોને આવા કોઈ વન્યજીવ કે સરીસૃપ આસપાસ જોવા મળે તો તેને હેરાન કરવા કે મારવા નહિ પરંતુ રેસ્કયુ કરાવવા સંસ્થા દ્વારા અપીલ કરાઇ હતી.

## ખંભાળિયા પાલિકામાં મહેકમ ખર્ચ વધતાં કર્મીઓનું પગાર પંચ સ્થગિત કરવાના મુદ્દે કર્મચારીઓ લડી લેવા મુડમાં

(કુંજન રાડીયા)

જામ ખંભાળિયા, તા.૧૮

ખંભાળિયા નગરપાલિકાનું મહેકમ ખર્ચ વધવાના કારણે પાલિકાના ખર્ચમાં ઘટાડો કરવાના ભાગરૂપે કર્મચારીઓનું સાતમું પગાર પંચ સ્થગિત કરીને તેમને હાલના પગારના બદલે જૂનો પગાર પંચ આપવાની હિલચાલ શરૂ થતા કર્મચારીઓમાં વિરોધની લાગણી ફેલાઈ છે.

ખંભાળિયા નગરપાલિકામાં ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષ દરમ્યાન નગરપાલિકાનું મહેકમ ખર્ચ ૪૮ ટકા થી વધીને ૬૯ ટકા જેટલુ થઈ જતાં પાલિકાના કર્મચારીઓને મળતુ સાતમું પગાર ધોરણ પરત ખેંચી લેવાની તજવીજ સામે ખંભાળીયા પાલિકાના કર્મચારીઓ લડી લેવાના મૂડમાં છે!

આ મુદ્દે રાજ્ય સફાઈ કર્મચારી મહામંડળના મહામંત્રી રમેશભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે નગરપાલિકામાં રોજમદાર કર્મચારીની સંખ્યા વધવાના કારણે મહેકમ ખર્ચ વધવાના બહાના હેઠળ કર્મચારીઓનું પગાર ધોરણ પરત ખેંચી શકાય નહી.

નગરપાલિકાઓમાં નિયત થયેલ મહેકમ ખર્ચની મર્યાદા જાળવવાની જવાબદારી ગુજરાત નગરપાલિકા અધિનિયમ - ૧૯૬૩ કલમ - ૪૯ ની જોગવાઈઓ અનુસાર નગરપાલિકાના ચીફ ઓફિસરની ફરજમાં આવતી જવાબદારી સાથેની વૈધાનિક બાબત છે. જે ફરજ અને જવાબદારી નિભાવવામાં નગરપાલિકા તંત્ર નિષ્ફળ રહ્યા હોવાના કારણે નગરપાલિકામાં નાણાકીય કટોકટી ઊભી થઈ છે

રાજયના નગરપાલિકા નિયામક દ્વારા તા. ૪ ફેબ્રુઆરી ૨૦૨૪ ના પરિપત્રથી રાજયની નગરપાલિકાઓમાં મહેકમ ખર્ચની મર્યાદા જાળવવા માટે વિસંગતતા ભર્યા મનાતા પરીપત્ર કરેલ છે, જે પરિપત્રના આધારે નગરપાલિકાના કર્મચારીઓને મળતુ પગારધોરણ માર્ચ ૨૦૨૪ થી સ્થતિગત (રદ) કરવાનું નક્કી કરાયું છે.

પરંતુ નગરપાલિકા આ પરિપત્ર સામે ભૂતકાળમાં નામદાર ગુજરાત હાઈકોર્ટેમાં જુદી જુદી અપીલો થઈ હતી. જેમા હાઈકોર્ટે દ્વારા સરકારનાં ઉપરોકત પરિપત્રમાં મહેકમ ખર્ચની ગણતરીમાં રોજમદાર કર્મચારીઓ કે કરાર આધારિત કર્મચારીઓ વિગેરે પ્રકારના કર્મચારીઓનું પગાર ખર્ચ મહેકમમાં ન ગણવા અને માત્ર મંજુર થયેલા મહેકમ પરના કાયમી નિયુક્ત કર્મચારીઓના પગાર ખર્ચને જ મહેકમ ખર્ચમાં ગણવા તેવા પ્રકારનો ચુકાદો હોવા છતાં નગરપાલિકા દ્વારા મહેકમ ખર્ચના કથિત રીતે મુદ્દે બિનજરૂરી ખોટા અર્થ ઘટનો કરીને નગરપાલિકાના કર્મચારીઓ અને પેન્શનરોનું સાતમા પગાર ધોરણ સ્થગિત રદ કરવાની થઈ રહેલ તજવીજને ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મહામંત્રી રમેશ વાઘેલા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટેમાં પડકારવા તજવીજ કરવામાં આવી છે.

### કેબીનેટ મંત્રી મુળુભાઇ બેરાએ

## ખંભાળિયાના સેવાભાવી કાર્યકરને રામનવમીની શુભેચ્છા પાઠવી





જામ ખંભાળિયા, તા. ૧૮

ખંભાળિયામાં રામનવમીના પવિત્ર પર્વે અહીં ખાસ ઉપસ્થિત રહી અને ધાર્મિક આયોજનોમાં સહભાગી થયેલા અહીંના ધારાસભ્ય અને રાજયના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ અહીંના એક સેવાભાવી યુવા કાર્યકરને ભગવાન શ્રીરામના ઉપેરણા પહેરાવી, શુભેચ્છાઓ પાઠવી હતી.

બુધવારે રામનવમીના પાવન પર્વ નિમિત્તે નીકળેલી શોભાયાત્રા તેમજ પૂજન-અર્ચનમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આટલું જ નહીં, અહીંના રોબિન હૂડ આર્મી સહિત વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા સક્રિય સેવાભાવી યુવા કાર્યકર વિકીભાઈ ઝુઘાણી (ફોન ઓન)ને ત્યાં ખાસ ઉપસ્થિત રહી અને કેબિનેટ મંત્રી મુળુભાઈએ ભગવાન શ્રી રામના ઉપરણાઓ પહેરાવીને ખાસ શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવાનો, કાર્યકરો તેમજ આગેવાનો પણ જોડાયા હતા.

(તસ્વીર : કુંજન રાડીયા)





## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નવતર અભિગમો થકી નાગરિકોને મતદાન મહત્વની સમજ અપાઇ

### મતદારોમાં જાગૃતતા કેળવવા વિવિધ કાર્યક્રમો યોજાયા

જામ ખંભાળિયા, તા.૧૮

દ્વારકા જિલ્લામાં એક પણ મતદાર મતદાનથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી જી.ટી. પંડ્યાના દિશા-નિર્દેશ હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે.

ખંભાળિયા તાલુકાના રામનગર ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ દ્વારા ગ્રામજનોને મતદાનના મહત્વ વિશે સમજાવી મતદાન કરવા માર્ગદર્શન આપ્યું હતું. મતદાતા જાગૃત્તિ કાર્યક્રમમાં નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. લોકશાહીના આ અવસરમાં મતદાન કરવા, મતદાતાઓને તેમના મતદાનનું મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. તથા મહિલા મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે આમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરી અચૂક મતદાન કરવા મહિલા મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત એકમોમાં કાર્યરત શ્રમિકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિવિધ ઔદ્યોગિક એકમોના માલિકોને શ્રમિક-મતદારોને મતદાનના દિવસે સવેતન રજા આપવા અંગે સમજૂતી આપવામાં આવી હતી. શ્રમિકોએ મતદાન શપથ લીધા હતા.

કલ્યાણપુર તાલુકાના મણિપુર હાબરડી, ગઢકા, ભોપલકા, ખખરડા તેમજ સિદસરા સહિતના ગામે મતદાર જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ચુનાવ પાઠશાળાનું આયોજન હાથ ધરી મતદારોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અને અન્ય નાગરિકોને પણ મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી જાગૃત્ત કરવા સમજ સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું. મહિલાઓને મતનું મૂલ્ય સમજાવી મતદાન કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. મતદારોએ અચૂક મતદાનની પ્રતિજ્ઞા લીધી હતી. **(તસ્વીર : કુંજન રાડીયા)**



## જામજોધપુરના ગાયત્રી મંદિરે છાશ કેન્દ્રનો પ્રારંભ

જામજોધપુરના વતની હાલ અમેરિકા રહેતા સ્વ. ઉજનબેન નારણભાઇ ખાંટ હસ્તે ખેરાજભાઇ ખાંટ (અમેરિકા) પરિવારના સહયોગથી જામજોધપુર ગાયત્રી મંદિર ખાતે જરૂરીયાતમંદ પરિવાર માટે છાશ કેન્દ્ર શરૂ કરાયું હતું. આ પ્રસંગે વાસ્મોના પૂર્વ ડીરેકટર અમુભાઇ વૈશ્નાણી મલીભાઇ લક્ષ્મીદાસભાઇ ખાંટ તથા ગાયત્રી પરિવારના ભાઇ-બહેનો ઉપસ્થિત રહેલ. (તસ્વીર/અહેવાલ : ભરત ગોહેલ - જામજોધપુર)

### બારા ગામે જમુનેશ મહાપ્રભુજીની બેઠક

## શનિવારથી ત્રણ દિવસ સુધી ભગવદ ગુણાનુવાદનું આયોજન

(ભરત લાલ)

જામસલાયા, તા. ૧૮

શ્રી જમુનેશ મહાપ્રભુજીની બેઠક બારા ગામે ત્રિદિવસીય ભગવદ ગુણાનુવાદનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. જેમાં વકતા તેજસભાઇ જોષી તથા બંસીબહેન જોષી તેમના સ્વમુખ ભગવત સત્સંગ કરાવશે.

આ ધાર્મિક સત્સંગ તા.૨૦ થી ૨૨ ત્રણ દિવસનો રહેશે દરરોજ સાંજે ૭.૧૫થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી ભગવત સત્સંગ કરવામાં આવશે. તેમજ રાત્રે ૧૦ વાગ્યે મહાપ્રસાદ પધારેલ વૈષ્ણવો માટે રાખેલ છે. સત્સંગી ભાઇ-બહેનોએ અવશ્ય પધારવા બારા બેઠકના મુખ્યાજી કિશોર અદાની યાદી જણાવે છે તા. ૨૨ના સાંજે ૬ થી ૭ કુંડવારાના દર્શન રાખેલ છે.

## ખંભાળીયામાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી

### પરંપરાગત શોભાયાત્રામાં મોટી સંખ્યામાં રામ ભકતો જોડાયા : કેબીનેટ મંત્રી બેરાએ રામની આરતી ઉતારી





જામખંભાળીયા, તા. ૧૮

મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવ પર્વ રામનવમીની ગઈકાલે ખંભાળિયામાં અનેરા ઉમંગ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સવારથી શહેરમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે બુધવારે સાંજે ભગવાન શ્રીરામની પરંપરાગત શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી, રાત્રે શ્રી રામ મંદિર ખાતે પૂર્ણ થઇ હતી. માર્ગમાં વિવિધ મંડળો તેમજ આગેવાનો, હોદ્દેદારો દ્વારા આ શોભાયાત્રાનું સ્વાગત સન્માન કરાયું હતું.



શોભાયાત્રાના માર્ગોને સુશોભિત કરાયા હતા અને રામ ભક્તોએ ભગવાન શ્રી રામનો ગગનભેદી જયઘોષ કર્યો હતો.

આ પ્રસંગે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ભગવાન શ્રીરામની આરતી કરી હતી. અહીંના રામ મંદિર ખાતે અયોધ્યાની પ્રતિકૃતિ જેવા રામલલ્લાને બિરાજમાન કરાયા હતા. જેના દર્શનનો લાભ મોટી સંખ્યામાં નગરજનોએ લીધો હતો.

અહીંના નગર ગેઈટ પાસે આવેલા પ્રાચીન એવા શ્રી રામ મંદિર ખાતે અયોધ્યામાં રામ મંદિર ખાતે સ્થાપિત ભગવાન શ્રીરામ જેવી જ આબેહૂબ પ્રતિકૃતિ અહીં સ્થાપિત કરવામાં આવી હતી. રોશની તેમજ સંગીતસભર આ દર્શનનો લાભ ખૂબ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ લઈ અને ભાવવિભોર થયા હતા. સાંજે ભવ્ય મહા આરતીમાં અહીંના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા સાથે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ જોડાઈને આસ્થા વ્યક્ત કરી હતી. આ આયોજન માટે સતવારા જ્ઞાતિના આગેવાનો તેમજ કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર આયોજનમાં પોલીસ તંત્ર દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## અવસાન નોંધ

**ગોંડલઃ** મચ્છુ કઠિયા સઈ-સુથાર જ્ઞાતિ પ્રશાંત એન્ડ કંપનીવાળા જેન્તીભાઈ લક્ષ્માણભાઈ ચાવડા (ઉ.૮૬) તે સ્વ. લક્ષ્મણભાઈ કાળાભાઈ ચાવડા શિવરાજગઢવાળાના પુત્ર, પુષ્પાબેનના પતિ, તે નયનભાઈ, પ્રશાંતભાઈ, મિતાબેન અને શ્રીરૂપાબેનના પિતાશ્રી, તે આકાશ, પાર્થ, હર્ષિત અને ઉર્વીના દાદા તેમજ સ્વ. વલ્લભભાઈ અને ધીરજભાઈ (રાજકોટ) તેમજ સ્વ. કાંતાબેન ભીખુભાઈ ગોહેલ (મુંબઈવાળા), સ્વ.સવિતાબેન ચાવડા, મંજુલાબેન કનૈયાલાલ લીંબડ (મજેવડીવાળા) તથા લાભુબેન દિનેશભાઈ પીઠડીયાના ભાઈ તથા સ્વ.જમનાદાસ ઘેલાભાઈ ગોહેલ (ધોરાજી)ના જમાઈનું અવસાન તા.૧૭ ને બુધવારના રોજ થયેલ છે. સદગતનું બેસણું અને પિયર પક્ષની સાદડી તા.૧૯ને શુક્રવારે સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે શ્રી ગાયત્રી મંદિર, શેરી નં.૧, ગાયત્રીનગર, બસ સ્ટેન્ડ સોસાયટી, ગોંડલ ખાતે રાખેલ છે. (નયનભાઈ મો. ૯૮૨૫૧ ૭૯૧૦૦)

**રાજકોટઃ** સ્વ. ચંદુભાઈ બચુભાઈ ભટ્ટી (ઉ.વ.૭૩) તે કિશોરભાઈ ભટ્ટીના મોટાભાઈ તથા કાજલબેન મકવાણા તથા વિમલભાઈના પિતાશ્રી તથા જયભાઈના દાદા તથા ભાવેશભાઈ એમ.મકવાણાના સસરાનું તા.૧૫ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૯ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન તેઓના નિવાસસ્થાન આર.એમ.સી. કવાર્ટર નં.૧૦, ખોડીયારપરા, આજીવસાહત, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ.સરસ્વતીબેન કિશોરભાઈ ચૌહાણ (ઉ.૭૧) તે રાકેશભાઈ, કીશોરભાઈ, સમીર કીશોરભાઈ તથા નિશાબેન ચેતનકુમાર ટાંક (ભાવનગર)ના માતુશ્રીનું તા.૧૬નાં રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૮ને ગુરૂવારનાં રોજ સાંજે ૪થી૬ કૃતી ઓતેલા એપાર્ટમેન્ટનાં બેંક્વેટ હોલમાં, કૃતી ઓતેલા એપાર્ટમેન્ટ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ડો. આંબેડકર ચોક બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ખાખડાબેલા-૧ હાલ રાજકોટ નિવાસી અનિરૂધ્ધસિંહ મદારસિંહ જાડેજા (ઉ.૮૦) (પંચમુખી હોટલ) તે વનરાજસિંહ તથા સુખદેવસિંહના મોટાભાઈ તથા હિતેન્દ્રસિંહ, અશોકસિંહ, મહેન્દ્રસિંહ, ભરતસિંહના પિતાશ્રી તા.૧૭ના રોજ દેવલોક પામેલ છે. બેસણું તા.૧૯ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે વિનોદભાઈ શેઠ કોમ્યુનીટી હોલ, દેવપરા શાકમાર્કેટની બાજુમાં, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. (મો.૯૮૨૪૦ ૧૫૧૫૬).

**રાજકોટઃ** અ.નિ. વિનોદરાય અમૃતલાલ ફીચડીયા (ઉ.૭૯) તે ઝવેરી ભનુભાઈના પુત્ર, અ.ની. અનંતરાયના લઘુબંધુ વસંતભાઈ તથા ચંદુભાઈ ઝવેરીના મોટાભાઈ તથા આડેસરા મગનલાલ હરિભાઈ મઘરવાડાના જમાઈ તથા ભીખાભાઈ, જીતુભાઈ, અનુભાઈ, લલીતભાઈના બનેવીનું તા.૧૭ને બુધવારના રોજ અવસાન થયેલ છે. બંને પક્ષનું બેસણું તા.૧૮ને ગુરૂવારે સાંજે ૪થી ૬ કલાકે, કાઠિયાવાડ જીમખાના, આરકેસી કોલેજની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**વેરાવળઃ** સ્વ. કાંતિલાલ પરષોતમ પંચાસરાના ધર્મપત્ની રમાબેન (ઉ.૯૬) તે નરેન્દ્રભાઈ, કિશોરભાઈ, વિનોદભાઈ, યોગેશભાઈ (મુન્નો), જીતેન્દ્રભાઈ તથા સરલાબેન કિશોરભાઈ તંબોળી, ભાવનાબેન (ટીનુ) પંચાસરાના માતુશ્રી તથા ધારાબેન અંકિતાબેન, નેહાબેન નેવીલભાઈના દાદી તથા કુંતલબેન નાયબ મામલતદારના નાની તથા તુલસીભાઈ સવજીભાઈ તથા રતિલાલ સવજીભાઈ જોલાપરા (ગીંગણી વાળા)ની બહેનનું તા.૧૭ના અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી તા.૧૮ને ગુરૂવારે બ્રહ્મકુંડ વેરાવળ સાંજે ૫થી ૬ રાખેલ છે.

**ગોંડલઃ** સ્વ. નાથાલાલ ગોવિંદજી છાટબારના ધર્મપત્ની ધનકુંવરબેન (ઉ.૯૮) તે ભરતભાઈ, પ્રદીપભાઈ, પ્રતાપભાઈ, અજયભાઈ, લલીતભાઈના માતુશ્રી ચત્રભુજ કુરજીભાઈ જાજલના પુત્રી તા.૧૫ના રોજ અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તા.૧૮ને ગુરૂવારે સાંજે ૫થી ૬ બ્રહ્મક્ષત્રીય જ્ઞાતીની વાડી, મોટી બજાર, વેરી દરવાજા પાસે, ગોંડલ રાખેલ છે.

**મોરબી :** વનાળિયા નિવાસી સ્વ.અમૃતલાલ ધનજીભાઈ કક્કડના સુપુત્ર જયેશભાઈ કક્કડ તે પ્રવીણભાઈ, ચંદ્રકાંતભાઈ અને ઘનશ્યામભાઈના ભાઈ તથા હિરેનભાઈના પિતા તેમજ મિલનભાઈ, મયૂરભાઈ અને નિરવભાઈના કાકાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૯ ને શુક્રવારે સાંજે ૫ થી ૬ કલાકે રામધન આશ્રમ, મહેન્દ્રનગર, મોરબી-૨ ખાતે રાખેલ છે.

**અમરેલીઃ** અમરેલી નિવાસી સ્વ. જયસુખભાઇ ભગવાનજીભાઇ પોપટના ધર્મપત્ની મમતાબેન જયસુખભાઇ પોપટ (ઉ.વ.૭૦) તે ડો. દિવ્યેશ પોપટ, પરાગભાઈ પોપટ તેમજ જીજ્ઞાબેન અમિતકુમાર આડતિયાના માતૃશ્રી તેમજ પ્રવિણભાઇ (દાસભાઈ), દિનેશભાઈ પોપટ (પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ), બિપીનભાઈ, સુરેશભાઈ, શૈલેષભાઈના ભાભીનું તા. ૧૮ના રોજ અવસાન થયેલ છે. સદગતની પાર્થનાસભા/ઉઠમણું તા.૨૦ ના રોજ સાંજે ૫ થી ૬ સુધી તેમના નિવાસ સ્થાન ગુરુકૃપા નગર, ''રામ ધામ'', ગાયત્રી મંદિર રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**માંગરોળઃ** ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ (મહાનક્ષેત્રા વિભાગ) શાંતિબેન કાંતિલાલ જોશી (ઉં.વ ૭૬) તે યોગેશભાઈ જુનાગઢ તીર્થભાઈ માંગરોળ ના માતૃશ્રી તેમજ કૌશિકભાઈ, કલ્પેશભાઈ, વિમલભાઈ, હરિહરભાઈ, માંગરોળ કેતનભાઇ, મનીષભાઈ કેશોદ ના કાકી તેમજ ગિરજાશંકર મહેતા વેરાવળ ના સાસનું તારીખ ૧૬/૪/૨૪ ને મંગળવાર ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા ૨૦ ને શનિવારના રોજ માનખેત્રા મુકામે ૪ થી ૬ રાખેલ છે.

**મોરબીઃ** મુળ મોરબી નિવાસી હાલ રાજકોટ સ્વ ફતેસિંહ એ. રાણા નિવૃત D. Y. S. P ના ધર્મ પત્ની સ્વરૂપ કુંવરબા ફતેસિંહ રાણા (ઉં. વ. ૯૧)તે રાજેન્દ્ર સિંહ એફ.રાણા હાલ અમેરિકા તેમજ એડવોકેટ દેવેન્દ્ર સિંહ એફ.રાણા નિવૃત એકાઉન્ટ ઓફિસર એસ. ટી. ડિવિઝન રાજકોટ -પ્રમુખ વોર્ડ નંબર ૨ શહેર કોંગ્રેસ કમિટી -પ્રમુખશ્રી સિનિયર સીટીઝન ક્લબ રાષ્ટ્રીયશાળા રાજકોટ ના માતાશ્રી તેમજ જયદીપસિંહરાણા અમેરિકા તથા હરદેવસિંહ રાણા રાજકોટ ના દાદીમા તારીખ ૧૫ના રોજ કૈલાસ વાસી થયેલ છે સદ્દગત સ્વરૂપબા નુ ટેલિફોનિક બેસણું તા ૧૮ગુરુવાર ના રોજ ૪=૦૦ થી ૬=૦૦ સુધી રાખેલ છે ૯૮૭૯૧ ૧૧૬૬૮, ૭૮૭૮૮ ૦૦૦૦૯

## ક્રિકેટર રવિન્દ્રસિંહ જાડેજાના મોટા બાપુનું ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામે દુઃખદ અવસાન



ધ્રોલ તાલુકાના હાડાટોડા ગામે ક્રિકેટર રવિન્દ્રસિંહ જાડેજાના પિતા અનિરુદ્ધસિંહ જાડેજાના મોટા ભાઈ એવા જયુભા ગુમાનસિંહ જાડેજા (ઉ.વ. ૫૭) દુઃખદ અવસાન થયેલ હોવાનું ક્રિકેટર રવિન્દ્રસિંહ જાડેજાના કૌટુંબિક પરિવારના ધ્રોલ તાલુકા પંચાયત ઉપ પ્રમુખ બ્રિજરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું. રવિન્દ્રસિંહ જાડેજાના મોટાબાપુનું ધ્રોલ તાલુકાના હાટાટોડા ગામે અવસાન થયાના સમાચાર વાયુવેગે પ્રસરી જતા શોકનું વાતાવરણ છવાયું છે.

## ભાણવડમાં તા.૨૭થી વલ્લભ સાખી રસપાન કાર્યક્રમનું દિવ્ય આયોજન

(મનીષ ઘેલાણી)

ભાણવડ, તા. ૧૮

ભાણવડ ખાતે આગામી તા. ૨૭ એપ્રિલથી પાંચ દિવસ માટે વલ્લભ સાખી રસપાનનો અલૌકિક કાર્યક્રમ યોજાનાર છે. આ પ્રસંગે વૈષ્ણવ સંપ્રદાયનાં પૂજય જય વલ્લભ લાલજી મહદય ખાસ ઉપસ્થિત રહી રસપાન કરાવશે. આ માટેની તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે.



ગોવિંદ પ્રભુ સેવા મંડળ આયોજીત અને વૈષ્ણવ નરોતમભાઇ રામજીભાઇ નકુમ, જયાબેન નરોતમભાઇ નકુમ, ડો. અમીતભાઇ નરોતમભાઇ નકુમ, મનોરથી પરિવાર આયોજીત વલ્લભ સાખી રસપાનના કાર્યક્રમ પૂર્વે સામૈયા થશે.

ત્યારબાદ વચનામૃતના અલૌકિક કાર્યક્રમનો પ્રારંભ થશે, વચનામૃત આઝાદનગર, બસ સ્ટેશન સામે યોજાશે. જેનો સમય બપોરે સાડા ત્રણથી સાડા છ વાગ્યા સુધી રહેશે. કથા સ્થળનાં વિસ્તારને ધજા પતાકાથી શણગાર કરાયો છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ગોવિંદ પ્રભુ સેવા મંડળનાં ભાવિન રાડીયા, વિઠલભાઇ શીવાવારા, વિજયભાઇ કટારીયા, બાબુભાઇ કરમુર, યોગેશભાઇ સીણોજીયા, વિઠલભાઇ કણજારીયા સહિત વૈષ્ણવો જહેમત ઉઠાવે છે.



### ૭૫ વર્ષમાં પ્રથમ વખત દુબઇ સહિત યુએઇમાં થયેલા ભારે વરસાદને હિસ્ટોરીક વેધર ઇવેન્ટ તરીકે સ્થાન મળ્યું છે

# UAE માં પૂર કલાઉડ સીડીંગ કે ગ્લોબલ વોર્મિંગ ઈફેકટ...

**રણમાં વરસાદની કલ્પના ભાગ્યે જ થઇ શકે પરંતુ આ વર્ષે યુએઇ તરીકે ઓળખાતા વિસ્તારોમાં જે રીતે છેલ્લા એક સપ્તાહમાં ભારે વરસાદે પૂરની સ્થિતિ પેદા કરી તે કદાચ કલાઉડ સીડીંગ કરતા પણ કલાયમેટ ચેન્જની અસર વધુ હોવાનું નિષ્ણાંતો માને છે અને આ પ્રકારે ગ્લોબલ હાઇડ્રોલોજીકલ સિસ્ટમ સાથે જે ચેડા થયા છે તે ફકત આ ક્ષેત્ર જ નહીં વિશ્વમાં અલગ અલગ રીતે અસર કરી રહી છે અને આપણે હાલ હિટવેવની જે અસર હેઠળ છીએ તે પણ આ જ પ્રકારની એક સાઇડ ઈફેકટ છે**

રણમાં પૂર... આ સપ્તાહના પ્રારંભે વિશ્વના મેગા સીટીને પાણી પાણી કરી દીધુ તે પછી ફરી એક વખત ચર્ચા છેડાઇ છે કે કલાયમેટ ચેન્જ કઇ તરફ જઇ રહ્યું છે, ફકત દુબઇ જ નહીં સંયુકત આરબ અમીરાતમાં છેલ્લા એક સપ્તાહથી ભારે વરસાદને હિસ્ટોરીક વેધર ઇવેન્ટ તરીકે દર્શાવાઇ રહ્યું છે અને ૧૯૪૯થી જયારથી વિશ્વમાં હવામાન એટલે કે વરસાદ સહિતના આંકડા નોંધવાનું શરૂ કર્યુ ત્યારબાદ ૭૫ વર્ષની સૌથી વધુ વરસાદ દુબઇ જ નહીં બહેરીન, સાઉદી અરેબીયા, કતાર અને ઓમાનમાં વરસી ગયો અમીરાતના નેશનલ સેન્ટ્રલ ફોર મેટેરીયોલોજીએ એવો દાવો કર્યો કે 'કલાઉડ સીડીંગ'ના કારણે દુબઇમાં આ અતિ ભારે વરસાદ આવ્યો અને વાસ્તવમાં અહીં ૩ કે ૪ ઇંચ વરસાદ એ સરેરાશ ગણાય છે અને આ મહાનગર કે મેટ્રો સીટીની ડ્રેનેજ સહિતની સિસ્ટમો પણ તેને અનુકળ તૈયાર કરવામાં આવી હતી ફકત થોડા કલાકોમાં ૧૦ ઇંચ વરસાદ ભાગ્યે જ કોઇ કલ્પના કરી હશે અને તેથી હવે એ પણ ચર્ચા શરૂ થઇ છે કે શું વરસાદ લાવવા માટે કલાઉડ સીડીંગ ભવિષ્યમાં નવી ખાનાખરાબી સર્જશે બ્લુમબર્ગ સહિતના નિષ્ણાંતો કહે છે કે આ ફકત કલાઉડ સીડીંગનું પરિણામ નથી પરંતુ ગ્લોબલ વોર્મિંગ કે કલાયમેટ ચેન્જ કે જેને આપણે વર્ષોથી ચર્ચામાં રાખ્યુ છે તેની આ સાઇડ ઈફેકટ છે.

**છેક ૧૯૯૦થી સંયુકત આરબ અમીરાતમાં વધતી જતી પાણીની આવશ્યકતાને માટે કલાઉડ સીડીંગના પ્રયાસો થાય છે અને તે સામાન્યથી થોડો વધુ વરસાદ લાવે છે પરંતુ પ્રથમ વખત ફકત ૧૨ કલાકમાં જ ૧૦ ઇંચ વરસાદ એ આ વિસ્તાર માટે આફત જ હતો, પ્રથમ તો તે માટે દુબઇ કે યુએઇના અન્ય વિસ્તારોની ડ્રેનેજ સિસ્ટમ તૈયાર ન હતી તેથી વધુ મુશ્કેલી ઉભી થઇ, મહત્વનું એ છે કે સતત જે રીતે કલાઉડ સીડીંગ થયું તેની હવે ઉંધી અસર પણ શરૂ થઇ છે અને આ ક્ષેત્રના આસપાસના વિસ્તારોમાં સામાન્યથી ઓછો વરસાદ પડવા લાગ્યો છે**

દુબઇ સહિતના ગલ્ફ વિસ્તારોમાં ઓછામાં ઓછો વરસાદ એ તેની કાયમી પેટર્ન રહી છે અને તેથી અહીં વધતી જતી આવશ્યકતાઓને ધ્યાને રાખીને કલાઉડ સીડીંગ એટલે કે વાદળામાં જે ભેજ કે તે પ્રકારની સ્થિતિ હોય છે તેને વરસવા માટે મજબુર કરવામાં આવે છે એટલે કે હવામાંથી વરસાદ પેદા કરવાની આ ટેકનીક છે અને તેના કારણે વરસાદની શકયતા ૩૦ થી ૩૫ ટકા વધી જાય છે, ખાસ કરીને હવામાન સ્વચ્છ હોય તો વધુ વરસાદ આવે છે અને યુએઇમાં છેક ૧૯૯૦થી કલાઉડ સીડીંગ મારફત વરસાદ લાવવામાં આવે છે, પાણીની જે સમસ્યા છે તેના નિવારવા માટે સમુદ્ર પુરતો નથી અને તેથી જ યુએઇમાં કુલ ૮૬ વેધર સ્ટેશન મારફત અને છ વેધર રડાર મારફત પરિસ્થિતિ પર મોનીટરીંગ કર્યા બાદ કલાઉડ સીડીંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવે છે અને હાલમાં જ ૪ બીચ ક્રાફ્ટ કિંગ સી-૯૦ પ્રકારના ચાર વિમાનો એ અહીંના અલ અઇન એરપોર્ટથી કલાઉડ સીડીંગ માટે ઉડાન ભરી હતી.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

વાસ્તવમાં કલાઉડ સીડીંગ એક રસપ્રદ પ્રક્રિયા પણ છે અને તેના ભારત સહિત વિશ્વભરમાં પ્રયોગ થયા છે. ખાસ કરીને દુષ્કાળ કે તેવી પરિસ્થિતિ પૂરી કરવા કલાઉડ સીડીંગનો સહારો લેવામાં આવે છે. ફકત દુબઇ જ નહીં ઓમાન અને દક્ષિણ પૂર્વ ઇરાનમાં પણ આ પ્રકારે ભારે હિમવર્ષા થઇ હતી. કલાઉડ સીડીંગ એ વેધર મોડીફીકેશન એટલે કે વાતાવરણ કે હવામાનમાં બદલાવ લાવવાની એક કૃત્રિમ પધ્ધતિ છે અને ખાસ કરીને નાના વિમાનો મારફત વાદળોની વચ્ચે જઇ તેમાં સિલ્વર આયોડાઇઝ અથવા તો ડ્રાઇ આઇસનો છંટકાવ થાય છે. સામાન્ય રીતે વરસાદમાં વાતાવરણમાં જે ધુળ અન્ય કણ હોય છે તે જે ભૂમિકા ભજવે છે તે આ નાના કણોને ભજવવાનું કહેવાય છે અને તેના આધારે સીડીંગ એજન્ડ તરીકે ઓળખાતા રસાયણને વાદળોમાં છાંટીને તેને વરસવા માટે મજબુર કરવામાં આવે છે. યુએઇમાં ૧૯૯૦માં આ કાર્યક્રમ થાય છે અને તેના આધારે પાણી મેળવવામાં આવે છે. પરંતુ નિષ્ણાંતો માને છે કલાઉડ સીડીંગએ કદાચ એક સરળ પ્રક્રિયા જણાતી હોય તો પણ તેનો પ્રયોગ સફળ બનાવવો તે થોડુ અઘરૂ છે, તેની વાતાવરણ પર આડઅસર થઇ શકે છે. ખાસ કરીને જે વિસ્તારમાં કલાઉડ સીડીંગ કરાયા હોય તેની આસપાસના વિસ્તારોની વેધર પેટર્ન પણ બદલાય જાય છે. જેને વાસ્તવમાં કુદરતી રીતે વરસાદ મળતો હોય તેનો વરસાદ આ વિસ્તારમાં ખેંચાઇ જવાથી આસપાસના વિસ્તારોને ઘણી વખત ઓછા વરસાદની સમસ્યા ઉભી થાય છે. આ ઉપરાંત જે રીતે પૃથ્વી પર હવામાનની એક સિસ્ટમ બની છે તેમાં ગ્લોબલ વોર્મિંગના કારણે આપણે અગાઉથી ખલેલ પહોંચાડી છે અને અનેક ઉદાહરણો જોઇ શકાય છે. ખાસ કરીને ભારતમાં વરસાદી પેટર્ન બદલાવવા લાગી છે. અગાઉ ૧ જુને કેરળમાં ચોમાસુ ટકોરા મારી દેતુ હતું હવે તે સતત વિલંબમાં આવી રહ્યું છે.

**કલાઉડ સીડીંગએ રણમાં કદાચ જરૂરી હોય તો પણ તે ઇકો સિસ્ટમ ઉપર ગંભીર અસર કરે છે અને તે લાંબા ગાળે જાણવા મળે છે, બ્લુમબર્ગ સહિતના રીપોર્ટ કહે છે કે કલાઉડ સીડીંગથી પડતા વરસાદમાં જે રીતે સિલ્વર ટોકસીન હોય છે તે જમીનની ફળદ્રુપતાને અસર કરે છે, નાના જીવો માટે અસ્તિત્વનો સવાલ ઉભો કરે છે કલાઉડ સીડીંગની સફળતાનું પ્રમાણ ૧૦ થી ૨૦ ટકા હોય છે પરંતુ તેના કારણે વેધર સિસ્ટમ સતત ડિસ્ટબ થતી રહે છે**

ચોમાસાના વિદાયની પ્રક્રિયા ૧૫ સપ્ટેમ્બર પછી શરૂ થાય છે તેના બદલે આપણે છેક ઓકટોબર સુધી વરસાદ જોઇએ છીએ. એક બાદ એક માવઠાની અસર અનુભવીએ છીએ. એટલું જ નહીં માવઠાના ૪૮ કલાકમાં અત્યંત ઉંચુ તાપમાન એટલે કે ૪૦ થી ૪૪ ડિગ્રી સુધી જઇ શકીએ તેવી ગરમી આપણે અનુભવી રહ્યા છે. નેચરલ હાઇડ્રોલોજીકલ સાયકલને આપણે ડિસ્ટર્બ કરી તેનું કારણ છે. વાસ્તવમાં કલાઉડ સીડીંગ એ માનવના ઉપયોગ માટે પાણીની ઉપલબ્ધિ બનાવવા પુરતો હેતુ ધરાવે છે. પરંતુ નિષ્ણાંતો કહે છે કે સિલ્વર આયોડાઇઝડ કે જે એ પોતાની એક ખાસ ઝેરી અસર ધરાવે છે જેને કારણે સિલ્વર ટોકસી સીટી પણ પેદા થાય છે અને તે ઉપજાવ જમીનને પણ અસર કરી શકે છે અને આ રીતે જે પાણી વરસે તે પૃથ્વી પરના નાના જીવોને પણ અસર કરી શકે છે. પરંતુ હવે જયારે દુબઇ સહિતના વિશ્વના શહેરો કે જેના વચ્ચે વધુને વધુ સમૃધ્ધિની હરીફાઇ છે તેના માટે પાણી એ પ્રથમ આવશ્યકતા છે. દુબઇ ઉપરથી પસાર થતા વાદળો કે જેમાં ભેજનું પ્રમાણ ઉંચુ હોય પરંતુ તેનું કુદરતી બંધારણ વરસવા માટે પુરતું થયું ન હોય તે સમયે કલાઉડ સીડીંગની પ્રક્રિયાને હાથ ધરવામાં આવે છે તેના કારણે ફકત ૧૦ ટકા કે તેથી વધુ વરસાદ મેળવી શકાય અને તેથી જ દુબઇમાં જે રીતે ૭૫ વર્ષનો સૌથી વધુ વરસાદ પડયો તેની પાછળ ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિને વધુ જવાબદાર માનવામાં આવે છે. વાસ્તવમાં આ પ્રકારની વરસાદી કે હિમ વર્ષા સહિતની પરિસ્થિતિ સામાન્ય બનવા લાગી છે કારણ કે વાતાવરણ વધુ ગરમ બનવા લાગ્યું છે અને તેના કારણે ભેજનું પ્રમાણ પણ હવામાં વધવા લાગ્યું છે અને તે પછી અચાનક જ વરસી પડે છે.

# IPLમાં સિકસરોનો વરસાદ

આઈપીએલમાં સિકસરોનો વરસાદ થઈ રહ્યો છે. મંગળવાર સુધી રમાયેલી ૩૧ મેચોમાં ૫૪૬ સિકસર ફટકારવામાં આવી છે. લીગના ઈતિહાસમાં આવુ પ્રથમ વખત બન્યુ છે. જયારે માત્ર ૩૦ મેચમાં જ પાંચસોનો આંકડો પાર થયો હોય.ગયા વર્ષે ૩૧ મેચમાં ૪૬૫ સિકસર ફટકારવામાં આવી હતી. હજુ ૪૩ મેચ બાકી છે.ગયા વર્ષે રેકોર્ડ ૧૧૨૪ સિકસર ફટકારવામાં આવી હતી. જો આજ ગતિ ચાલુ રહેશે તો આ વખતે ૧૩૦૦ નો આંકડો પાર થઈ જશે.



## છેલ્લી ઓવરોમાં રેકોર્ડ સ્ટ્રાઈક રેટ

આ વખતે ડેથ ઓવર (૧૭-૨૦)માં બેટસમેનોનો સંયૂકત સ્ટ્રાઈક રેટ ૧૮૨.૦૬ છે. જે એક રેકોર્ડ છે. અગાઉ ૨૦૨૨ માં ૧૬૮.૬૧ ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા.

**સૌથી વધુ ૭૭ સિકસરઃ હૈદરાબાદના બેટસમેનો લગાવી ચુકયા છે.**

**એક સીઝનમાં સૌથી વધુ સીકસરઃ** (૧૪૫) મારવાનો રેકોર્ડ ચેન્નાઈનાં નામે છે. જેણે ૨૦૧૮ માં ૧૬ મેચમાં કર્યુ હતું.

**લીગ સીઝનમાં ૯૩૮ ચોગ્ગા અત્યાર સુધીમાં ફટકારી શકાયા છે**

**૬ સદી અને ૫૧ અર્ધસદી આ સીઝનમાં અત્યાર સુધીમાં બેટસમેનોએ લગાવી ચુકયા છે.**

**હૈદરાબાદ સનરાઈઝનો હેનરીક કલાસેન વર્તમાન સીઝનમાં ૨૪ છગ્ગા સાથે ટોપ પર છે.**

## બાઉન્ડ્રીથી ૪૦૦ રન

હૈદરાબાદ (૨૮૭/૩) અને બેંગ્લુરૂ (૨૬૨/૭) વચ્ચેની મેચમાં કુલ ૫૪૯ રન બનાવાયા હતા. જે ટી-૨૦ ક્રિકેટ ઈનિંગ્સમાં એક મેચમાં સૌથી વધુ સ્કોર હતો. જેમાં બાઉન્ડ્રીથી ૪૦૦ રન (૩૮ સિકસર ૪૩ ફોર)બનાવ્યા જે એક રેકોર્ડ છે.ગયા વર્ષે સેન્ચુરીયન વિન્ડીઝ વિરૂધ્ધ આફ્રિકાની મેચમાં બાઉન્ડ્રીથી ૩૯૪ રન બનાવ્યા હતા. જોકે કુલ ૮૧ બાઉન્ડ્રી ફટકારવામાં આવી હતી. જેમાં ૪૬ ચોકકા અને ૩૫ સિકસર ફટકારવામાં આવી હતી.

**૨૨ સૌથી વધુ છગ્ગા**

બેંગ્લુરૂએ હૈદરાબાદને હરાવ્યુ:૨૨ છગ્ગા ફટકારીને એક ઈનીંગમાં સૌથી વધુ સિકસરનો રેકોર્ડ બનાવ્યો હતો. તેણે ૨૦૧૩ માં ૨૧ સિકસર ફટકારી હતી.

## મેચમાં પ્રથમ ૬૦ બોલમાં સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ

હૈદરાબાદે ૨૭ માર્ચે મુંબઈ સામે પ્રથમ દસ ઓવરમાં ૧૪૮ રન બનાવ્યા હતા. જે એક ઈનિંગ્સમાં પ્રથમ ૬૦ બોલમાં એક રેકોર્ડ છે. લક્ષ્યનો પીછો કરતાં મુંબઈએ પણ દસ ઓવરમાં ૧૪૧ રન બનાવ્યા હતા. કોલકતાએ ૩ એપ્રિલે દિલ્હી સામે પ્રથમ ૬૦ બોલમાં ૧૩૫ રન બનાવ્યા હતા. એટલે કે પ્રથમ દસ ઓવરમાં ત્રણ સર્વોચ્ચ સ્કોર આ સત્રમાં બન્યા પહેલા મુંબઈ ઈન્ડીયન્સે ૨૦૨૧ માં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૧૩૧ રન બનાવ્યા હતા.

# દુબઈમાં અંધાધુંધ વરસાદનો ૭૫ વર્ષનો રેકોર્ડ તૂટયોઃ ભારે તારાજીઃ ભારતથી ૪૦ ફલાઈટ કેન્સલ

## માર્ગો વોટરપાર્ક બન્યા; વરસાદી પાણીમાં 'જેટ સ્કી' ચલાવાઈઃ મોલ-ઈમારતો-એરપોર્ટ સહિત સર્વત્ર નુકશાન





દુબઈ તા.૧૮

યુએઈમાં સોમવારે મધરાતથી શરૂ થયેલ અને મંગળવાર સુધી ધોધમાર વરસેલા વરસાદે ૭૫ વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો છે.

આ વરસાદથી દુબઈના માર્ગો પર નદીયુ હિલોળા લેવા લાગી હતી. વાહનો તણાયા હતા અને બોટો ફરવા લાગી હતી.

દુબઈમાં-યુએઈમાં ૧૯૪૯માં ડેટા કલેકશન શરૂ થયા બાદ સૌથી વધુ વરસાદ છે.

ભારતને અસરઃ દુબઈમાં મંગળવારે સાંબેલા ધાર વરસાદને પગલે અંધાધુંધી સર્જાતા તેની અસર ભારત પર પણ પડી હતી. દિલ્હી-મુંબઈ સહિત અનેક ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દુબઈ જનારી ૪૦ ઉડાનો કેન્સલ થઈ હતી.


યાત્રીઓ માટે એર ઈન્ડિયાનો મેસેજઃ એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ૧૬ અને ૧૭ એપ્રિલે દુબઈથી પોતાની ઉડાનો રદ કરવી પડી હતી. એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત યાત્રીઓને આગામી કેટલાક દિવસોમાં ઉડાનોમાં સામેલ કરવાની પુરી કોશિશ કરવામાં આવશે. ૧૬-૧૭મી માન્ય ટિકીટવાળા યાત્રીઓને એક વાર તારીખ બદલવાની છૂટ પણ આપી રહ્યા છીએ જેથી તે પોતાની ફલાઈટ રિશિડયુલ કરી શકે.





# UAEમાં રેકોર્ડ બ્રેક વરસાદ માટે આખરે શું કારણ?

**તાપમાનમાં વધારાથી ૭ ટકા ભેજ વધી જાય છે, જે વાવાઝોડાને ખતરનાક કરે છે**



દુબઈઃ દુબઈમાં મંગળવારે અનરાધાર વરસાદ માટે આખરે શું કારણ હતું? આ રણપ્રદેશમાં ભાગ્યે જ વરસાદ પડતો હોય છે ત્યારે મંગળવારે માત્ર ૨૪ કલાકમાં દોઢ વર્ષનો વરસાદ એક સામટો પડી જતા ખાનાખરાબી સર્જાઈ હતી. આના માટે ઘણા કારણો દર્શાવાઈ રહ્યા છે. એક કારણ કલાઉડ સીડીંગ પણ જણાવાયું છે. રિપોર્ટ મુજબ કૃત્રિમ વર્ષાના પ્રયોગથી આ જોરદાર વરસાદ યુએઈમાં પડયો છે. જો કે દેશના રાષ્ટ્રીય હવામાન વિજ્ઞાન કેન્દ્રે આ કારણને ફગાવી દીધું હતું. એવા અહેવાલો છે કે આ ભારે વરસાદનુ કારણ એક વાવાઝોડુ હતું જે અરબ પ્રાયદ્વીપથી થઈને ઓમાનની ખાડીને પાર જઈ રહ્યું છે. કેટલાક વિશેષજ્ઞોનું કહેવું છે કે આ ઘટના પાછળ ધરતીનું વધતું તાપમાન પણ હોઈ શકે છે. ગરમ કલાયમેટથી વધારે ભેજ થાય છે. રિસર્ચમાં બહાર આવ્યું છે કે તાપમાનમાં દર ૧ ડીગ્રી સેલ્સીયસના વધારા માટે વાતાવરણમાં ૭ ટકા વધુ ભેજ થઈ જાય છે જે વાવાઝોડાને વધુ ખતરનાક બનાવી દે છે, કારણ કે આથી વરસાદ ખૂબ જ તેજ બની જાય છે.



# ઈન્ડોનેશિયામાં રૂઆંગ પર્વત પર જવાળામુખી ફાટ્યો, ૨૪ કલાકમાં પાંચ વિસ્ફોટ; તોળાઈ રહ્યો છે સુનામીનો ખતરો

ઈન્ડોનેશિયા, તા.૧૮

ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુના ઉત્તરી કિનારા પર જ્વાળામુખી ફાટ્યો છે. જવાળામુખી ફાટયા બાદ છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા પાંચ મોટા વિસ્ફોટ થયા છે. રૂઆંગ પર્વત પર વિસ્ફોટ બાદ હજારો ફૂટ ઊંચો રાખનો પ્લુમ જોવા મળ્યો હતો. જે બાદ ઈન્ડોનેશિયાના અધિકારીઓએ બુધવારે સુનામીની ચેતવણી જાહેર કરી હતી.

અધિકારીઓએ ૧૧ હજારથી વધુ લોકોને વિસ્તાર છોડી દેવાની સૂચના આપવામાં આવી છે. વારંવાર ફાટી નીકળ્યા બાદ સત્તાવાળાઓએ જ્વાળામુખીની ચેતવણી ઉચ્ચતમ સ્તર પર વધારવી છે. ઇન્ડોનેશિયાએ રાતોરાત જ્વાળામુખી ફાટી નીકળવાના કારણે ઉત્તર સુલાવેસીના મનાડોમાં સેમ સ્ટુલાંગી એરપોર્ટ બંધ કરી દીધું હતું, પરિવહન મંત્રાલયે ગુરૂવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. મંત્રાલયે જણાવ્યું કે, એરપોર્ટ ગુરૂવાર સાંજ સુધી બંધ રહેશે અને અત્યાર સુધીમાં નવ ફલાઈટ પ્રભાવિત થઈ છે.

ઇન્ડોનેશિયાના સત્તાવાળાઓએ બુધવારના રોજ રૂઆંગ જ્વાળામુખીમાં વિસ્ફોટ થયા બાદ સુનામીની ચેતવણી જારી કરી હતી. ઇન્ડોનેશિયા જ્વાળામુખી અને જીઓલોજિકલ ડિઝાસ્ટર મિટિગેશન સેન્ટરે જણાવ્યું હતું કે, સુલાવેસી ટાપુની ઉત્તરે સ્થિત જ્વાળામુખીએ છેલ્લા ૨૪ કલાકમાં ઓછામાં ઓછા પાંચ મોટા વિસ્ફોટનો અનુભવ કર્યો છે. વર્ષ ૨૦૧૮માં ૪૩૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા ૨૦૧૮ માં, ઇન્ડોનેશિયાના અનાક ક્રાકાટાઉ જ્વાળામુખીના વિસ્ફોટથી સુનામી આવી હતી જે સુમાત્રા અને જાવાના દરિયાકાંઠે અથડાઈ હતી જ્યારે પર્વતના કેટલાક ભાગો સમુદ્રમાં ગાયબ થઈ ગયા હતા, જેમાં ૪૩૦ લોકો માર્યા ગયા હતા.

# પ્રેમમાં નિષ્ફળતા મળતાં જો યુવક આત્મહત્યા કરે તો તેના માટે મહિલાને દોષિત ઠેરવી શકાય નહીં : દિલ્હી હાઈકોર્ટ

## નબળી માનસિકતા ધરાવતી વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયને અન્ય વ્યકિતને આત્મહત્યા માટે જવાબદાર ગણી ન શકાય

નવી દિલ્હી :

નિષ્ફળ પ્રેમીની આત્મહત્યા માટે પ્રેમિકા દોષિત ન ગણાય તેવું દિલ્હી હાઇકોર્ટે એક ચુકાદા આપતા જણાવ્યું છે. જો નબળી માનસિકતા ધરાવનાર વ્યક્તિ આવું પગલું ભરે છે તો તેના માટે અન્ય કોઈ વ્યક્તિને દોષી ઠેરવી શકાય નહીં એમ દિલ્હી હાઈકોર્ટે ટિપ્પણી કરી હતી. કોર્ટે આત્મહત્યા માટે ઉશ્કેરણીનાં કેસમાં મહિલા અને અન્ય એક પુરુષના આગોતરા જામીન મંજૂર કર્યા છે. જસ્ટિસ અમિત મહાજને કહ્યું હતું કે જો પ્રેમમાં નિષ્ફળતાને કારણે પ્રેમી આત્મહત્યા કરે તો પ્રેમીને, પરીક્ષામાં નબળા પ્રદર્શનને કારણે વિદ્યાર્થી આત્મહત્યા કરે તો શિક્ષકને જવાબદાર ઠેરવી શકાય નહીં. નબળી માનસિકતા



ધરાવતી વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયને અન્ય વ્યક્તિને આત્મહત્યા ઉશ્કેરવા માટે માટે જવાબદાર ગણી ન શકાય. કોર્ટે જણાવ્યું હતું કે વ્હોટ્સએપ ચેટ્સ પ્રથમદર્શી રીતે દર્શાવે છે કે મૃતક સંવેદનશીલ સ્વભાવનો હતો. જ્યારે પણ મહિલા વાત કરવાની ના પાડતી હતી ત્યારે તે તેને આત્મહત્યાની ધમકી આપીને બિવડાવતો હતો.

### ચોંકાવનારો સંશોધન રીપોર્ટ

# કલાયમેટ ચેઈન્જ અર્થતંત્રને ભાંગી નાખશે: ૨૦૫૦ સુધીમાં ૩૯ ખર્વ ડોલરનું નુકશાન થશે

## દુનિયાનાં તમામ દેશોની આવક સરેરાશ ૧૯ ટકા ઘટશેઃ ભારતને ૨૨ ટકાનો ફટકો પડવાનુ અનુમાન



નવી દિલ્હી તા.૧૮

કલાયમેટ ચેઈન્જના પ્રભાવ હેઠળ દુનિયાભરનાં દેશોમાં હવામાનમાં અસામાન્ય બદલાવ થતા રહ્યા છે.હવે તેનો અર્થતંત્રને મોટો ફટકો લાગી શકે છે. ૨૦૫૦ સુધીમાં વાતાવરણનાં આ ઘટનાક્રમોની અસરથી વૈશ્વીક આવકમાં ૧૯ ટકાનો ઘટાડો થઈ શકે છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી આવક ૨૨ ટકા ઘટી શકે છે.

સંશોધન રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યુ છે કે વાયુ મંડળમાં અગાઉથી મૌજુદ ગ્રીનહાઉસ ગેસ તથા સામાજીક-આર્થિક કનેકશનને કારણે વૈશ્વીક આવકમાં ઘટાડો શકય છે. અર્થતંત્રનો આ ફટકો દુનિયાનાં તમામ દેશોને લાગશે. ભારતની વાત કરવામાં આવે તો ૨૨ ટકાનો ફટકો (અનુસંધાન છઠ્ઠા પાને)

### પીએફ ખાતાધારકો માટે રાહતના સમાચાર

# સારવાર માટે પીએફ ખાતામાંથી હવે એક લાખ રૂપિયા ઉપાડી શકશે

## પહેલા આ મર્યાદા ૫૦ હજાર હતી, જે હવે બમણી થઈ





નવી દિલ્હી તા.૧૮

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)એ નવા નાણાકીય વર્ષની શરૂઆતમાં પોતાના ખાતા ધારકોને મોટી રાહત આપી છે. હવે પીએફ ખાતાધારક પોતાના કે પોતાના પર આશ્રીત કોઈ સભ્યની સારવાર માટે પોતાના ખાતામાંથી એક લાખ રૂપિયા ઉપાડી શકશે. પહેલા આ અધિકતમ મર્યાદા ૫૦ હજાર રૂપિયા હતી. કેન્દ્રીય ભવિષ્ય નિધિ પંચ પાસેથી મંજુરી મળ્યા બાદ ૧૬ એપ્રિલથી નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે. ૧૦ એપ્રિલે ઈપીએફઓએ આવેદન માટે સોફટવેરમાં પણ ફેરફાર કર્યો છે.

પૈસા ઉપાડવા માટે ખાતાધારકોએ જોગવાઈ ૬૮ જેકે અંતર્ગત દાવો કરવાનો છે જે અંતર્ગત ખાતાધારક સ્વાસ્થ્ય સંબંધીત પરીસ્થિતિઓમાં અગાઉથી દાવો કરીને પૈસા ઉપાડી શકે છે.

ઉલ્લેખનીય છે કે આ ઉપરાંત ફોર્મ ૩૧ અંતર્ગત અગાઉથી અનેક પરીસ્થિતિમાં આંશિક રીતે પૈસા ઉપાડવાની જોગવાઈ છે. જે અંતર્ગત લગ્ન, લોનની ચૂકવણી, ફલેટ કે મકાનનું નિર્માણ વગેરે સ્થિતિમાં રકમ ઉપાડી શકાય છે. કઈ પરીસ્થિતિમાં દાવો કરી શકાયઃ આનો ઉપયોગ ખાતાધારક માત્ર જીવલેણ બીમારીના સમયે જ કરી શકે છે. કર્મચારી કે પછી તેના દર્દીએ સરકારી હોસ્પિટલ કે પછી સરકાર સાથે જોડાયેલ હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી છે. દર્દી જો ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હોય તો આ બારામાં તપાસ બાદ જ દાવો થઈ શકે છે.

# રણજીતસાગર ડેમમાંથી દરરોજ વધુ ૨૦ એમએલડી પાણી ગ્રેવીટીથી મેળવાશે

## ૨૯ કરોડના ખર્ચે રણજીતસાગર ડેમથી મહાપાલિકાના પંપહાઉસ સુધી નવી પાઈપલાઈન નાખવાની કામગીરી ગતિમાંઃ ચોમાસા પહેલા પ્રોજેકટનું કામ પૂર્ણ થશેઃ ચૂંટણી આચારસંહિતા પૂરી થયા બાદ કરાશે લોકાપર્ણ







જામનગર તા.૧૮: જામનગર વાસીઓને રણજીતસાગર ડેમમાંથી ગ્રેવીટીથી ૨૦ એમએલડી પાણીનો વધુ જથ્થો લાવવાનો પ્રોજેકટ તેજ ગતીમાં ચાલી રહ્યો છે. આ પ્રોજેકટની કામગીરી જૂનના પ્રથમ સપ્તાહમાં એટલે કે, ચોમાસાના આગમન પહેલા પૂર્ણ કરી લેવામાં આવશે તેમ કાર્યપાલક ઈજનેરે નરેશ પટેલે જણાવ્યું હતું.

જામનગર મહાનગરપાલિકાની હદ વિસ્તારોમાં વધારો થવાની સાથે વસ્તીમાં ખૂબ વધારો થયો છે.ત્યારે શહેરીજનોને પીવાનું પાણી પૂરું માટે મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગ દ્વારા રણજીતસાગર ડેમ થી પમ્પ હાઉસ સુધી નવી પાઈપલાઈન રૂ.૨૯ કરોડના ખર્ચે નાખવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી હોવાનું વોટર વર્કસ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

રાજાશાહી વખતમાં આગવી સૂઝબૂઝ અને ઈજનેરી કૌશલ્ય સાથે રણજીતસાગર ડેમનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ડેમમાંથી જામનગરવાસીઓ ગ્રેવીટી એક પણ રૂપિયાના વીજ પાવર વગર દૈનિક ડેમમાંથી પમ્પ હાઉસ સુધી પાઈપલાઈન નાખવામાં આવી હતી.તેમાંથી શહેરમાં પાણી વિતરણ પણ કરવામાં આવે છે. કદાચ વીજ પુરવઠો ન હોય તો પણ તત્કાલીન ઈજનેરી કૌશલ્યોના લીધે પીવાનુ પાણી પહોંચાડવામાં આવતું હતું. હવે શહેરની હદ વધી છે. નવા વિસ્તારોમાં લોકોની વસાહતો પણ વધી છે.જેના લીધે પાણીની જરૂરિયાત વધે તે બાબતને ધ્યાને રાખીને વોટર વર્કસ વિભાગ દ્વારા રણજીત સાગર ડેમ થી વધુ એક પાઈપ લાઈન નાખવામાં આવી રહી છે. સાત કિલોમીટર સુધીની પાઈપલાઈન નો પ્રોજેકટ રૂ.૨૯ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે. જેનાથી ડેમ માંથી વધુ ૨૦ એમ એલ ડી પાણીનો જથ્થો પમ્પ હાઉસ આવશે.જેથી હાલ ડેમમાંથી જે ૨૫ એમ એલ ડી પાણીનો જથ્થો આવે છે તેમાં વધારા સાથે ૪૫ એમ એલ ડી પાણીનો જથ્થો આવી પહોંચશે.

વોટર વર્કસ વિભાગના સૂત્રો એ જણાવ્યા મુજબ આ નવી પાઈપલાઈન પ્રોજેકટ પૂર્ણ થતાં ગ્રેવીટી થી પાણીનો જથ્થો પમ્પહાઉસ આવે તે રીતે કામગીરી કરવામાં આવી રહી છે. કદાચ ડેમ સાઈટ વીજ પુરવઠો નહિ હોઉં તો પણ રણજીતસાગર ડેમથી પમ્પહાઉસ સુધી પાણી આવી જશે.

આમ જામનગર મહાનગરપાલિકાના વોટરવર્કસ વિભાગ દ્વારા શહેરિજનો માટે પીવાનું પાણી નો જથ્થો અન્ય ડેમમાંથી ન આવે ત્યારે રણજીતસાગર ડેમમાંથી પાણી લાવવા માટે આ પ્રોજેકટ ખૂબ લાભદાયક બનશે. આગામી સમયમાં દૈનિક પાણી વિતરણ કરવાના માસ્ટર પ્લાનો એક ભાગ હશે. આ પ્રોજેકટ જૂનના પ્રથમ સપ્તાહમાં પૂર્ણ થઇ જનાર હોવાથી ચૂંટણી આચારસંહિતાની વિદાય બાદ આ પ્રોજેકટનું લોકાપર્ણ કરાશે.

# મોતનો મલાજો જાળવવા રામસવારીએ રસ્તો આપ્યો



તસવીર : હિતેષ મકવાણા

જામનગરમાં ગઈકાલે સાંજે રામનવમી નિમિત્તે શ્રીરામસવારીનું આયોજન કરાયું હતું. આ રામસવારી બાલાહનુમાન મંદિરેથી શરૂ થયા બાદ હવાઈચોક પાસે પહોંચી હતી ત્યારે અંતિમયાત્રાની બસ આવી પહોંચી હતી. ભારતીય સંસ્કૃતિ મુજબ મોતનો મલાજો જાળવવાની પરંપરા છે અને તે તમામ ધર્મના લોકો નિભાવે છે. અંતિમયાત્રા બસને ઉભુ ન રહેવું પડે તે માટે રામસવારીના આયોજકો-કાર્યકરોએ રામસવારીના વાહનોને રસ્તાની એક તરફ લઈ જઈ રસ્તો ખુલ્લો કરી આપ્યો હતો.





# કરિયાણાની દુકાનોમાં પણ મળશે શરદી-ઉધરસની દવાઓ : સરકારનો મોટો નિર્ણય



નવી દિલ્હી, તા ૧૮

શરદી, ઉધરસ અને તાવમાં વપરાતી દવાઓ પણ જનરલ સ્ટોર પર ઉપલબ્ધ કરાવવાની વિચારણા કરવામાં આવી રહી છે. જો કે હજુ સુધી આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. પરંતુ OTCની નીતિ પર કામ કરતી સમિતિ એટલે કે ઓવર ધ કાઉન્ટર દવાઓ આ સૂચન પર વિચાર કરી રહી હોય. હજુ અંતિમ નિર્ણય લેવાયો નથી.

અમેરિકા જેવા ઘણા દેશોમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી દવાઓ કરિયાણાની દુકાનો પર પણ ઉપલબ્ધ છે. ભારતની ઓટીસી પોલિસી પર કામ કરી રહેલા કેટલાક નિષ્ણાતો તરફથી એક સૂચન પણ આવ્યું છે, જેમાં અહીં પણ આવી સિસ્ટમ શરૂ કરવાની વાત કરવામાં આવી છે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં સરળ રીતે પહોંચી શકાય. જો કે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી.

OTC એવી દવાઓ માનવામાં આવે છે જે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના વેચી શકાય છે. અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયામાં દવાઓ સંબંધિત માર્ગદર્શિકા ખૂબ જ સ્પષ્ટ છે. ફેબ્રુઆરીમાં જ, આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક અતુલ ગોયલ દ્વારા નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવી હતી, જેને ભારતની OTC દવા નીતિ તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

અહેવાલ છે કે સમિતિએ કાઉન્ટર પર વેચી શકાય તેવી દવાઓની પ્રથમ યાદી પણ સુપરત કરી છે. આ દવાઓ અંગે ચર્ચા કરવા માટે સોમવારે જ એક બેઠક પણ બોલાવવામાં આવી હતી. અહેવાલ મુજબ, ''ભારતમાં પ્રિસ્ક્રિપ્શન દવાઓનું નિયમન છે, પરંતુ કાઉન્ટર પર વેચી શકાય તેવી કોઈ માર્ગદર્શિકા અથવા સૂચિ નથી.'' 'જો કોઈ દવાને પ્રિસ્ક્રિપ્શન ઓન્લી ડ્રગ તરીકે ખાસ લેબલ કરવામાં ન આવે તો તેને OTC ગણવામાં આવે છે.'

# કડિયા કામ કરતા પિતા સમાન ભાઈની છત્રછાયામાં રહેતા જામનગરના યુવકે યુપીએસસીની પરીક્ષા પાસ કરી







જામનગર તા.૧૮:

દેશમાં સૌથી અઘરી અને સર્વોચ્ચ ગણાતી UPSC ફાઈનલ પરીક્ષાનું તાજેતરમાં પરિણામ જાહેર થયું છે.જેમાં ગુજરાતના ૨૫ સહિત ૧૦૧૬ ઉમેદવારોએ મેદાન માર્યું છે. આ પરિણામ જાહેર થતાની સાથે જ મૂળ ગીર સોમનાથ પંથકના અને હાલ જામનગરમાં રહેતા પરિવારના આંગણે હરખની હેલી વર્ષી છે. ભયંકર ગરીબી અને બાળપણથી જ માતા પિતાની લાંબી ગેરહાજરી વચ્ચે જામનગરના યુવાને તનતોડ જબરદસ્ત મહેનત કરી અને UPSC ની પાસ કરી છે. જેને સાર્થક કરી બતાવ્યું કે પરિશ્રમ વગર પ્રભુ પ્રાપ્તી શક્ય નથી. ખાસ વાત તો એ છે કે ટ્યુશન કે એક પણ પ્રકારની ભૌતિક સુવિધા વગર આ યુવાને કઠિન ગણાતી પરીક્ષા પાસ કરી દેશભરમાં ડંકો વગાડી દીધો છે.

જામનગરમાં જીએસટીના આસિસ્ટન્ટ કમિશનર તરીકે ફરજ બજાવતા આકાશભાઈ ચાવડા નામના યુવાને યુપીએસસીની પરીક્ષામાં ૧,૦૦૭ માં રેન્ક હાંસલ કર્યો છે. તેમની અત્યાર સુધીની સફળતાની કહાની અવિસ્મરણીય છે. આકાશભાઈની ૩ વર્ષની ઉંમરમાં તેમની વ્હાલસોઈ માતાનું મોત થયું હતું. જેનો વસવસો હજુ માંડ ભુલાતો હતો. ત્યાં તેમની ૧૩ વર્ષની ઉંમરમાં પિતાનું પણ નિધન થયું હતું. આમ બાળપણથી જ માતા-પિતાની ગેરહાજરીને લઈ આકાશભાઈ ભયંકર કપરી આર્થિક પરિસ્થિતિ ભોગવતા હતા. ત્યારબાદ આકાશભાઈ તેમના મોટાભાઈ જેને તેઓ માતા-પિતા જ ગણે છે તેમની સાથે રહેવા લાગ્યા હતા. તેમના પાલક પિતા (મોટાભાઈ) જે કોડિયાકામ કરી અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓએ શિક્ષાનું મહત્વ સમજી આકાશભાઈને સરકારી પરીક્ષા માટે ખૂબ પીઠબળ આપ્યું હતું અને તેમના પરીણામ સ્વરૂપે આજે આકાશભાઈએ જબરી સીધી હાંસલ કરી છે. હાલ તેમના પરિવારમાં માતા-પિતા અને બે પુત્ર સહી તેમનો પાંચ લોકોનો પરિવાર છે. નબળી આર્થિક પરિસ્થિતિને લઈ આકાશભાઈએ એક પણ ટ્યુશન રાખ્યું ન હતું એટલું જ નહીં કોઈ અલગ રૂમ વગર તેમણે પરિવારની સાથે રહી અને સેલ્ફ પરિપ્રેશનથી આ સફળતા મેળવી છે. ત્રણ પ્રયાસે તેઓએ આ ઝળહળતી સિદ્ધિ મેળવી છે. તેમની આ સિદ્ધિ બદલ તેઓએ પોતાના પરિવારજનોને આભારી ગણાવી છે.





# રાજપાર્ક પાસેથી ૨૩ બોટલ દારૂ સાથે ટ્રકનો ક્લિનર પકડાયો

જામનગર તા.૧૮:

જામનગરમાં ગુલાબનગર રાજપાર્ક પાસેથી એક ટ્રક ક્લીનરને પોલીસે દારૂના જથ્થ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેના કબ્જામાંથી દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સિટી બી ડિવિઝન પોલીસ મથકેથી આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર જામનગર શહેરના તિરૂપતિ સોસાયટી મુરલીધર સોસયટી, આશીર્વાદ પ્રોવિઝન સ્ટોરની બાજુમાં રહેતા અને ટ્રકમાં ક્લિનરનો ધંધો કરતા કમલે માયાભાઈ હાજાણી (ઉ.વ.૧૯) નામના યુવાનને પોલીસે ચોક્કસ બાતમીના આધારે શહેરના ગુલાબનગર, રાજપાર્કના મેઈન ઢાળિયા પાસે સેવા સદનના ગેઈટ સામેથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન તેની અટકાયત કરી હતી. એલસીબી પોલીસે અટકાયત બાદ તેની તલાશી લેતાં તેના કબ્જામાંથી ૨૩ નંગ ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે રૂા.૯૨૦૦ની દારૂનો જથ્થો કબ્જે કરી સિટી બી ડિવિઝન પોલીસ દફતરના હવાલે કર્યો હતો.